વર્ષ: ૦૪ અંક: ૫
સળંગ અંક: ૩૭ • મે ૨૦૧૬

# નવજીવનનો અક્ષરદેહ

છૂટક કિંમત: ₹ 15



સેવાગ્રામમાં સફાઈ

વર્ષ: ૦૪ અંક: ૫
સળંગ અંક: ૩૭ • મે ૨૦૧૬
છૂટક કિંમત: ₹ ૧૫

# નવજીવનનો અક્ષરદેહ

તંત્રી
**વિવેક દેસાઈ**

સંપાદક
**કેતન રૂપેરા**

પરામર્શક
**કપિલ રાવલ**

સાજસજ્જા
**અપૂર્વ આશર**

ભાષાશુદ્ધિ
**અશોક પંડ્યા**

આવરણ ૧
સેવાગ્રામ આશ્રમ (વર્ધા, મહારાષ્ટ્ર)ની મગનવાડીમાં સફાઈ કરતા ગાંધીજી, ૧૯૩૬

આવરણ ૪
ગામડાંની કેળવણી
[હરિજનબંધુ, ૫ સપ્ટેમ્બર, ૧૯૩૭]

વાર્ષિક લવાજમ :
₹ ૧૫૦/- (દેશમાં)
₹ ૧૫૦૦/- (વિદેશમાં)

પ્રતિભાવ/લવાજમ મોકલવાનું સરનામું
વ્યવસ્થાપક, નવજીવન ટ્રસ્ટ
ગૂજરાત વિદ્યાપીઠ પાછળ
પો. નવજીવન, અમદાવાદ – ૩૮૦ ૦૧૪
ફોન: ૦૭૯ – ૨૭૫૪૦૬૩૫
૦૭૯૪ – ૨૭૫૪૨૬૩૪

e-mail : sales@navajivantrust.org
website : www.navajivantrust.org

નવજીવન ટ્રસ્ટે નવજીવન મુદ્રણાલયમાં છાપીને અમદાવાદ ખાતેથી પ્રકાશિત કર્યું.

1. સ્વચ્છ ભારત: ત્યારે અને અત્યારે ................ અ. વિ. બર્વે ..૧૨૭
2. ન્યાયતંત્રની માફક શિક્ષણનું તંત્ર પણ સરકારથી સ્વતંત્ર જ હોય ................ વિનોબા ભાવે ..૧૩૦
❍ મુક્તિ અપાવે એ જ વિદ્યા ................ મો. ક. ગાંધી ..૧૩૧
3. અસ્પૃશ્યતાનિવારણ અંગે ભારતમાં ગાંધીભાઈનું પહેલું ભાષણ ................ ..૧૩૪
❍ અસ્પૃશ્યતા: હિંદુ ધર્મને કોરી ખાતું ઝેર ................ મો. ક. ગાંધી ..૧૩૭
4. વિચારનો પાયો ................ પ્રભુદાસ છ. ગાંધી ..૧૩૮
5. ઍલ્બર્ટ આઇન્સ્ટાઈન ................ મગનભાઈ દેસાઈ ..૧૪૫
6. ગાંધીવિચારને વરેલા ઉદ્યોગપતિ ભવરલાલ જૈન ................ કપિલ રાવલ ..૧૪૯
7. પુન:પરિચય, સંક્ષિપ્ત પરિચય ................ ..૧૫૧
8. ગાંધીજીની દિનવારી: ૧૦૦ વર્ષ પહેલાં ................ ચંદુલાલ ભગુભાઈ દલાલ ..૧૫૫
❍ 'નવજીવનનો અક્ષરદેહ'ના ચાહકો—વાચકો—ગ્રાહકોને ................ ..૧૫૮

નઈ તાલીમ શિક્ષણવિચારની રાષ્ટ્રીય કેળવણી સંસ્થા ગૂજરાત વિદ્યાપીઠને રાષ્ટ્રીય માન્યતા અને મૂલ્યાંકન પરિષદ (NAAC) નો A ગ્રેડ મેળવવા બદલ નવજીવન તરફથી અભિનંદન ...

## સુજ્ઞ વાચકોને...

સામયિકમાં જ્યાં પણ સૌજન્ય સાથે લખાણ અપાયું છે, ત્યાં મૂળને વધુમાં વધુ વફાદાર રહેવાનો પ્રયત્ન કરાયો છે. જોડણી જેમની તેમ રાખવામાં આવી છે, તેમ છતાં જ્યાં જરૂર જણાઈ ત્યાં મુદ્રણના દોષો અને જોડણી સુધારવામાં આવી છે અને પાદટીપ મૂકવામાં આવી છે. પ્રસ્તુત પાદટીપ યથાતથ રાખવામાં આવી છે, એ સિવાયની પાદટીપ દૂર કરાઈ છે.

સૌજન્યપૂર્વકનાં લખાણો અને નવાં લખાણોમાં ( ) કૌંસની સામગ્રી મૂળ લખાણ પ્રમાણેની છે. [ ] કૌંસમાં મૂકેલી સામગ્રી અને જરૂર જણાઈ ત્યાં નવી કેટલીક પાદટીપ સંપાદક દ્વારા લખવામાં આવી છે. જે પાનાં પર મૂળ લખાણની પાદટીપ અને સંપાદકની પાદટીપ, એમ બંને હોય ત્યાં મૂળ માટે મૂ. અને સંપાદક માટે સં. ઉલ્લેખ કરાયો છે. જે પાના પર માત્ર મૂળ પાદટીપ છે ત્યાં કશો ઉલ્લેખ કરાયો નથી. જે પાનાં પર એકથી વધુ પાદટીપ હોય ત્યાં બધે જ કોના દ્વારા તે ઉલ્લેખ ન કરતાં બધી પાદટીપને અંતે તેની નોંધ મુકાઈ છે.

# સ્વચ્છ ભારત : ત્યારે અને અત્યારે

**અ. વિ. બર્વે**

*'આપણાં પવિત્ર મંદિરની ગલીઓ જેવી અત્યારે ગંદી છે તેવી હોવી શું વાજબી છે? તેની આસપાસના ઘરો જેમતેમ બાંધવામાં આવ્યાં છે. ગલીઓ વાંકીચૂકી અને સાંકડી છે. આપણાં મંદિરો પણ જો વિશાળતા અને ચોખ્ખાઈના આદર્શરૂપ ન હોય તો પછી આપણું સ્વરાજ્ય કેવું હોઈ શકે?'*

*'મજલાવાળા મકાનોમાં વસનારા આપણા ઉપર વખતે થૂંકશે તો' એવા સતત ભય સાથે મુંબઈના દેશી લત્તાઓમાં ચાલનારાઓનો વિચાર કંઈ રૂચિકર નથી.'*

*'હું રેલવેની ઘણી મુસાફરી કરું છું. ત્રીજા વર્ગના મુસાફરોની મુશ્કેલીઓ હું જોઉં છું. પરંતુ તેઓને વેઠવી પડતી બધી હાડમારીઓ માટે રેલવે-વ્યવસ્થાને દોષ કોઈ રીતે આપી ન શકાય. શુદ્ધતાના પ્રાથમિક નિયમો આપણે જાણતા નથી. ભોંય ઘણીયે વાર સૂવા માટે વપરાય છે; તેનો વિચાર પણ કર્યા વિના આપણે ડબામાં ગમે ત્યાં થૂંકીએ છીએ.'*

*પોતાના રાજકીય ગુરુ ગોપાલકૃષ્ણ ગોખલેની આજ્ઞાથી એક વર્ષના ભારતભ્રમણ દરમિયાન ગાંધીભાઈને સ્વચ્છતા બાબતે થયેલાં અવલોકન-અનુભવની આ અભિવ્યક્તિ છે. વિશ્વના શ્રેષ્ઠ ભાષણોમાં સ્થાન પામતા એવા બનારસ હિંદુ યુનિવર્સિટીમાં આપેલા ભાષણ(૬–૨–૧૯૧૬)નો આ કેટલોક અંશ છે. મંદિર, મજલાવાળા મકાન-ફ્લેટ જ તો વળી, અને રેલવે, આ ત્રણેય ઠેકાણે જોવા મળતી સ્થિતમાં પૂરાં ૧૦૦ વર્ષ પછીયે ગણ્યાંગાંઠ્યા અપવાદો સિવાય જો કોઈ ફરક નજરે ન ચઢતો હોય તો આ ભાષણના ૩૫ વર્ષ પછી 'સ્વચ્છ ભારત' શીર્ષક હેઠળના લખાણ અને અત્યારની સ્થિતિમાં તો ક્યાંથી ફરક હોય? એટલે જ સ્વચ્છ ભારત વિશેનો આ લેખ ત્યાર જેટલો અત્યારે પણ પ્રસ્તુત બની રહે છે. …*

**સ્વતંત્ર** ભારતની સમૃદ્ધિ માટે ખોરાક અને સ્વચ્છતાની બે પ્રાથમિક જરૂરિયાતો પર તત્કાળ ધ્યાન દેવાની જરૂર છે. એક જ કામ જો વૈજ્ઞાનિક ઢબે કરાય તો એથી આ બેઉ પ્રશ્નોનો ઉકેલ આવી જાય. હરિજનમાં મહાત્મા ગાંધીજીએ એક વાર ગણતરી કરી હતી કે ચીન અને જાપાનમાં જેમ માણસના મેલાનો ખાતર તરીકે ઉપયોગ કરાય છે તેમ ભારત કરતું નથી તેથી તે દર વરસે ૬૦ કરોડ રૂપિયા ગુમાવે છે. આજના ઊંચા ભાવની દૃષ્ટિએ ખાતરની આ વાર્ષિક ખોટનો આંકડો સહેજે વરસદહાડે ૧૨૦ કરોડનો થાય. [વર્ષ ૨૦૧૬માં આ રકમ અંદાજે ૧૯૮ અબજ ઉપરાંત થાય]

તમારી સન્મુખ સહેજ ચિત્ર ખડું કરો: એક બાજુ ભારતની સૂકી, સત્ત્વહીન અને ઘસાઈ ગયેલી ભૂમિ પ્રાણિજ ખાતરથી પોતાની ભૂખ ભાંગવા તલસી રહી છે, બીજી બાજુએ ભારતનાં ગામડાંઓમાં લગભગ સર્વત્ર રસ્તાઓમાં અને શેરીઓમાં દુર્ગંધ અને બદબો મારતી વિષ્ટા પડી છે. તે ચીતરી ચડાવે એવું એક દૃશ્ય રજૂ કરે છે, અને માખ અને દરેક પ્રકારનાં જંતુઓને પેદા થવાનું અનુકૂળ સાધન કરી આપે છે.

શું આ વિરોધી સ્થિતિઓનો સમન્વય કરવાનો કોઈ માર્ગ નથી? છે. ચીની ભાઈઓની પેઠે ઠીક ઊંડા પહોળા ખાડા ખોદીને એમાં 'કચરો' દાટવાનો અને એમાંથી 'સુવર્ણ' ખાતર તૈયાર કરવાનો તે માર્ગ છે. કારણ કે અસ્થાને મૂકેલું ધન કચરો થાય છે. અને વ્યવસ્થિત કરેલો કચરો ધન બને છે. ધારો કે આપણે દેશવ્યાપી ધોરણે આ કામ ઉપાડવાનો નિશ્ચય કરીએ તો

પરિણામ ઉજ્જ્વળ જ આવે. પ્રાણિજ ખાતરથી સમૃદ્ધ અને સત્ત્વવાળાં બનેલાં ભારતનાં ગામડાંનાં ખેતરોની સહેજ કલ્પના કરો. તે ધનધાન્યથી ભરપૂર હશે. ભારતની ભૂમિ દરવરસે ૧૨૦ કરોડ રૂપિયાનો વધારે પાક આપતી હશે. શું આ શેખચલ્લીનું સ્વપ્ન છે? કે ખરેખર એ સ્વપ્ન સિદ્ધ કરી શકાય એવું છે?

હા, જો સંકલ્પ હોય તો જરૂર એમ કરી શકાય, ભારતના એક છેડાથી બીજા છેડા સુધી–હિમાલયથી કન્યાકુમારી અને અરબી સમુદ્રથી બંગાળના ઉપસાગર સુધી ભારતમાં સર્વત્ર આ કચરાને કાંચનમાં પલટી નાખીએ.

ત્યાર પછી પ્રશ્ન ઊઠે છે: માણસના ખાનગી પ્રયત્નોથી આ કાર્ય થઈ શકે એમ છે? સેનાપતિ બાપટ, અપ્પાસાહેબ પટવર્ધન અને વિનોબા ભાવેએ મહારાષ્ટ્રમાં એ કામ કરવાની કોશિશ કરી હતી, પરંતુ આ બાબતમાં તેઓ લોકોના આચારમાં સુધારો આણી શક્યા નહીં અને તેમને ઝાઝી ફતેહ મળી નહીં. તેમને મળેલી ફતેહ બહુ નજીવી કહેવાય. આ ગતિએ જો કામ આગળ વધે તો એમાં ઠીક પ્રગતિ કરવા માટે કાંઈ નહીં તોયે કેટલાયે દસકાઓ નીકળી જાય. આપણે એટલો સમય રાહ જોઈ શકીએ? કે આપણે એને નિરાશાજનક લેખીને એ પ્રયત્ન છોડી દેવો? હું નથી ધારતો કે ભારત જેવા ગરીબ દેશને વરસદહાડે ૧૨૦ કરોડ રૂપિયા જેટલું રાષ્ટ્રીય સંપત્તિમાં નુકસાન સહેવું અને એને બદલે ગંદકી અને અસ્વચ્છતામાં રહેવું પરવડે! પરંતુ જો ખાનગી પ્રયાસો ઇષ્ટ પરિણામ લાવવામાં અત્યંત ધીમી ગતિના હોય તો ભાષણો અને અખબારો દ્વારા પ્રચાર સાથે કાયદો ઘડવા માત્રથી એ કાર્ય થઈ શકે? મને લાગે છે કે લોકોના સક્રિય સહકાર વિના એ પણ નિષ્ફળ જાય. કાયદા અને કાનૂન ઘડવાની સાથે રચનાત્મક કાર્યકર્તાઓના પ્રયત્નો હોય તો સત્વર સુધારો આવે. …[આ] બાબતમાં કેન્દ્રીય અને પ્રાદેશિક ધારાસભાઓમાં વિનાવિલંબે કાયદો દાખલ કરવો જોઈએ.



ફિનિક્સ આશ્રમમાં સ્વચ્છતા અને
જાહેર સુખાકારી અંગે ગાંધીભાઈએ લીધેલાં પગલાં

***"એવડી વસ્તી હતી છતાં ક્યાંયે કચરો કે મેલું કે એઠવાડ કોઈના જોવામાં ન જ આવે. બધો કચરો જમીન ખોદી રાખી હતી તેમાં દાટી દેવામાં આવતો. પાણી કોઈથી રસ્તામાં ઢોળાય નહીં. બધું વાસણમાં એકઠું કરવામાં આવતું ને તે ઝાડોને જતું. એઠવાડનું અને શાકના કચરાનું ખાતર બનતું. પાયખાનાને સારુ રહેવાના મકાનની નજીક એક ચોરસ ટુકડો દોઢ ફૂટ ઊંડો ખોદી રાખ્યો હતો તેમાં બધું પાયખાનું દાટવામાં આવતું. તેની ઉપર ખોદેલી માટી ખૂબ દાટવામાં આવતી હતી, તેથી જરાયે દુર્ગંધ નહોતી રહેતી. માખી પણ ત્યાં ન બણબણે અને ત્યાં મેલું દાટેલું છે એવો કોઈને ખ્યાલ પણ ન આવે."***

[*ગાંધીજી: જીવન અને વિચાર*, લે. આચાર્ય કૃપાલાની, અનુ. નગીનદાસ પારેખ, નવજીવન પ્રકાશન, પ્રકરણ: 'દક્ષિણ આફ્રિકાની લડત']

૧. એ માટે નક્કી કરેલી ખાસ જગ્યા, ખાડો કે પાત્ર રાખવામાં આવ્યાં હોય તે સિવાય બીજે ક્યાંયે મળત્યાગ કે લઘુશંકા કરવાં એ ગુનો ગણાવો જોઈએ.
૨. જેમને પોતાનાં ખાનગી જાજરૂ, પેશાબખાનાં કે ખાડા ન હોય તેમને સારુ યોગ્ય સગવડો બનાવવાની શહેર અને ઉપનગર વિસ્તારોમાં સુધરાઈઓ અને ગામડાંમાં પંચાયતો ઉપર જવાબદારી નાખવી જોઈએ.
૩. સ્થાનિક પંચાયત કે સુધરાઈઓએ પોતપોતાનાં ગામડાં અને શહેરના રહેવાસીઓને જવાબદાર ગણવા જોઈએ અને સરકારે તે સંસ્થાઓને તે જગ્યાની વસ્તીના ધોરણે નિશ્ચિત પ્રમાણમાં મેલામાંથી કાચું કે તૈયાર ખાતર કરી આપવા માટે જવાબદાર ગણવી જોઈએ.
૪. જ્યાં જરૂર હોય ત્યાં તે સ્થાનને અનુકૂળ ખાડા, જાજરૂ અને પેશાબખાનાંના સૌથી સસ્તા નમૂના બનાવવા માટે તે જ સ્થાનમાંથી લોનો ઊભી કરવી જોઈએ.
૫. નક્કી કરેલું ખાતર આપવામાં વ્યક્તિ કે સ્થાનિક સંસ્થાઓ (પંચાયત તથા સુધરાઈ) નિષ્ફળ જાય તો તેમને ખાતરની ખાધની કિંમતની સવાઈ રકમ સુધીનો દંડ કરવો જોઈએ.
૬. અખબારો અને ભાષણો દ્વારા કાયદાના સ્વરૂપની, કાયદાના અમલની શરૂઆતની તારીખની, છેલ્લી ઢબનાં જાજરૂ, પેશાબખાનાં, ખાડા બનાવવાની અને કીમતી ખાતર બનાવવાની રીતોની માહિતી આપવી જોઈએ. ખેતી, આર્થિક લાભ અને સ્વચ્છતાની દૃષ્ટિએ જે પરિણામો આવી શકે તેની પર ભાર મુકાવો જોઈએ.
૭. એકાદ નિષ્ણાત અને કાબેલ સંચાલક જેનામાં સાચી ધગશ હોય તેને એ કામની જવાબદારી સોંપવી.

આ કે આવા કાર્યક્રમનું ધગશ અને ઉત્સાહથી પાલન થાય તો ભારતને ટૂંક મુદતમાં એક તંદુરસ્ત સમૃદ્ધ અને સ્વચ્છ રાષ્ટ્ર બનાવી શકાય. આ સુંદર કાર્ય કરવાને ઈશ્વર જનતા અને સરકારને સન્મતિ અને બળ આપો.

(મૂળ અંગ્રેજી)

[*હરિજનબંધુ*, ૮ જુલાઈ, ૧૯૫૦]

❐

## સ્વચ્છતા અને જાહેર આરોગ્ય અંગે કેટલાંક સંદર્ભ પુસ્તકો

***મારા સ્વપ્નનું ભારત*** લે. મો. ક. ગાંધી, સં. આર. કે. પ્રભુ, પ્રકાશકઃ નવજીવન

***ગ્રામ સ્વરાજ*** લે. મો. ક. ગાંધી, સં. હરિપ્રસાદ વ્યાસ, પ્રકાશકઃ નવજીવન
(બંને અંગ્રેજી અને હિન્દીમાં પણ ઉપલબ્ધ)

***મારું ગામડું*** લે. બબલભાઈ, પ્રકાશકઃ રવિશંકર મહારાજ સેવા ટ્રસ્ટ

***દિનચર્યા*** લે. બાપાલાલ ગ. વૈદ્ય, પ્રકાશકઃ નવજીવન

***Gandhi, Ganga, Giriraj*** Lachman M. Khubchandani, Navajivan

# ન્યાયતંત્રની માફક શિક્ષણનું તંત્ર પણ સરકારથી સ્વતંત્ર જ હોય

**વિનોબા ભાવે**



***શિક્ષણ સરકારથી મુક્ત હોવું જોઈએ કે સરકારને આધિન હોવું જોઈએ તેની ચર્ચા વર્ષોથી થતી આવી છે. બંનેના પક્ષ-પ્રતિપક્ષમાં તર્ક-દલીલ થઈ શકે છે, પણ મૂળ વાત એ છે કે વાલીએ-પરિવારે-સમાજે-શૈક્ષણિક સંસ્થાએ કેવો નાગરિક ઘડવો છે? જો 'મુક્તિ અપાવે એ વિદ્યા' (આ અંગે ગાંધીજીનું અર્થઘટન પાના નં. ૫ ઉપર) હોય તો પછી એ વિદ્યા સરકાર શું, વિદ્યા આપનાર ખુદ શિક્ષકને આધિન પણ કેવી રીતે હોઈ શકે? વિસ્તૃત વાત વિનોબાના વિચારોમાં...***

**આજના** શિક્ષણમાં પરિવર્તન લાવવું હોય તો તેની દિશા કઈ હોય, તે વિશે વિચારું છું, ત્યારે મારા મનમાં પહેલી વાત એ આવે છે કે શિક્ષણને સરકારી તંત્રથી મુક્ત કરી નાખવું જોઈએ. શિક્ષણ ઉપર સરકારનો કોઈ વરદ હસ્ત ન હોવો જોઈએ. જ્ઞાનના ક્ષેત્રમાં સંપૂર્ણ આઝાદી હોય. દિમાગની આઝાદી એ શિક્ષણનો પ્રાણ છે. દિમાગને જો જકડી લેવાશે, બાંધી લેવાશે, તેને મુક્ત વિચાર કરવાની સ્વતંત્રતા જો નહીં રહેવા દેવાય, તો તેનાં બહુ જ ખરાબ પરિણામો આવશે.

પરંતુ આજકાલ આપણે શું જોઈ રહ્યા છીએ? દુનિયાભરમાં શિક્ષણનું તંત્ર સરકારના હાથમાં છે. સરકાર જે શીખવે છે, તે વિદ્યાર્થીઓ શીખે છે. ખરું જોતાં, લોકશાહીમાં તો લોકમતને અમુક જ ઢાંચામાં ઢાળવાની કોશિશ ન થવી જોઈએ. લોકમત સ્વતંત્ર જ રહેવો જોઈએ. તો જ સાચી લોકશાહી પાંગરી શકે. પણ આજે તો નામમાત્રની કહેવાતી લોકશાહી છે. દરેકને વોટનો અધિકાર જરૂર અપાયો છે. તેમ છતાં વાસ્તવમાં સત્તા મુઠ્ઠીભર લોકોના હાથમાં રહે છે, અને તે લોકો જે કરે છે તે થાય છે. સરકાર જે ખવડાવે તે જનતાએ ખાવું પડે છે અને સરકાર જે શીખવાડે તે શીખવું પડે છે. સરકાર જેને જ્ઞાન કહે છે, તેને જ જનતાએ જ્ઞાન માની લેવું પડે છે. જનતાએ માત્ર વોટ આપી દઈને છૂટી જવાનું છે. શિક્ષણ પણ બધું સરકારને હસ્તક કરી દેવાયું છે. આ ભયાનક છે. આનાથી લોકશાહીને પાયામાંથી લૂણો લાગી રહ્યો છે.

આમાં કેટલો બધો ખતરો છે! સરકાર જે ઢાંચો નક્કી કરે છે, તેમાં જ બધા વિદ્યાર્થીઓનાં દિમાગને એકસરખાં ઢાળવાની કોશિશ આજે દુનિયાભરમાં થઈ રહી છે. દરેક સરકારની એવી જ કોશિશ રહે છે કે પોતે નક્કી કરેલા વિચારો વિદ્યાર્થીઓનાં દિમાગમાં ઠોંસી દેવામાં આવે. પછી તે સરકાર સોશિયાલિસ્ટ હોય કે કૉમ્યુનિસ્ટ હોય, કૉમ્યુનાલિસ્ટ હોય કે બીજી કોઈ ઇષ્ટ કે અનિષ્ટ હોય. દરેક સરકારનું આ જ વલણ છે, આ જ પદ્ધતિ છે. આજે ઇતિહાસ પણ લખવો હોય, તો તે જે-તે વખતની સરકારે નક્કી કરેલા ઢાંચામાં જ લખાય છે. ઇતિહાસ એટલે શું? 'ઇતિ હ આસ'—વાસ્તવમાં આવું આવું થયું. પરંતુ આજે એમ નહીં. આજે તો સરકાર જેવું ઇચ્છે તેવો ઇતિહાસ લખાવે છે, પછી તેમ થયું હોય કે ન થયું હોય, તેની પરવા નહીં! આવું રશિયામાં થયું, ચીનમાં થયું, બીજા દેશોમાંયે થઈ રહ્યું છે. રશિયામાં બબ્બે, ત્રણત્રણ વાર ઇતિહાસ લખાવાયા. ઇતિહાસ પણ નવા નવા! આવું ખરેખર થયું, એમ નહીં, સરકાર ઇચ્છે છે અને કહે છે, એમ થયું!

અને આમાં માત્ર ઇતિહાસનો જ સવાલ નથી. જેવી સરકાર તેવો તે શિક્ષણ ઉપર પોતાનો રંગ ચઢાવવા માગે છે. ફાસીવાદી સરકાર આવી તો ફાસીવાદનો રંગ ચઢશે, સામ્યવાદી સરકાર આવી તો સામ્યવાદનો રંગ ચઢશે. જો વેલફેર સ્ટેટ છે, તો પંચવાર્ષિક યોજનાનાં

ગાણાં ગવડાવવામાં આવશે. જે રંગની સરકાર હશે, એ જ રંગનું શિક્ષણ બધાંને અપાશે.

આ કેટલું બધું ખતરનાક છે! આવી રીતે જો બુદ્ધિને પોતપોતાના મનગમતા ઢાંચામાં ઢાળવાની કોશિશ થતી રહેશે, તો પછી બુદ્ધિનો કોઈ અર્થ રહેશે ખરો? એટલા વાસ્તે બુદ્ધિની આઝાદી હંમેશાં અબાધિત જ રહેવી જોઈએ. અને તેમાંયે બુદ્ધિની આઝાદીનો જો કોઈને હક છે, તો સૌથી પહેલો વિદ્યાર્થીને છે, કેમ કે હુકમથી જ્ઞાન પ્રાપ્ત થઈ શકતું નથી. જ્ઞાનને કોઈ પોતપોતાનો રંગ આપી શકતું નથી. જ્ઞાન એ જ્ઞાન છે.

શંકરાચાર્યનું એક બહુ સુંદર વાક્ય છે, જ્ઞાનં વસ્તુતંત્રમ્, ન પુરુષતંત્રમ્ —જ્ઞાન એ મનુષ્યના હાથની વાત નથી, એ વસ્તુનિષ્ઠ છે, વસ્તુ ઉપર અવલંબિત છે. તમારી સામે જો ગોળ વસ્તુ છે, તો તેનું ચોરસ આકારનું જ્ઞાન થઈ શકતું નથી, તેનું ગોળ આકારનું જ્ઞાન જ થાય છે. વસ્તુનું જ્ઞાન તેના પોતાના સ્વરૂપ ઉપર નિર્ભર છે, તમારી મરજી ઉપર કે કોઈની આજ્ઞા ઉપર નહીં. તેથી વિદ્યાર્થીઓને યથાતથ જ્ઞાન ગ્રહણ કરવાની પૂરેપૂરી આઝાદી હોવી જોઈએ. એમનાં દિમાગ કોઈ ઢાંચામાં ઢાળવાની કોશિશ નહીં થવી જોઈએ. માટે સરકારો શિક્ષણને પોતાને મનફાવે તેવો ઘાટ આપતી રહે, તે ન ચાલે. પરંતુ તમે જો શિક્ષણ સરકારને હસ્તક કરી દીધું, તો આવું જ થશે. અને તેમાં તો બહુ મોટો ખતરો છે, એમ બરાબર સમજી લેજો.

આજે શિક્ષણ બધું સરકાર ઉપર નિર્ભર થઈ ગયું છે. સરકાર જ પાઠ્યક્રમ નક્કી કરે છે, સરકાર જ પાઠ્યપુસ્તકો બનાવે છે, સરકાર જ શિક્ષણના બધા નિયમો ઘડે છે. જેમ બળદને કાંઈ ખેડૂત પૂછતો નથી કે ખેતરમાં શું વાવવું છે. એ તો પોતે જ નક્કી કરે છે કે અમુક ખેતરમાં ઘઉં વાવવા છે અને અમુકમાં ચણા. બસ, પછી બળદને ખેતરમાં જોતરી દે છે. એવું જ શિક્ષકોનું પણ. આ શિક્ષણમાં બધું નક્કી સરકાર જ કરે છે. પુસ્તકો પણ સરકાર તરફથી જ નક્કી થાય છે. જે અધિકાર તમે તુલસીદાસજીને નહોતો આપ્યો, શંકરાચાર્યને નહોતો આપ્યો, તે અધિકાર આજે તમે શિક્ષણ ખાતાના મંત્રીને આપી દીધો છે! તુલસીદાસજીનું રામાયણ અત્યંત લોકપ્રિય હોવા છતાં તુલસીદાસજી એમ નહોતા કહી શક્યા કે મારું આ રામાયણ દરેકે ફરજિયાત વાંચવું પડશે. શંકરાચાર્ય બહુ મોટા વિદ્વાન અને જ્ઞાની પુરુષ હતા, પરંતુ એ પણ પોતાનાં પુસ્તકો કોઈને ફરજિયાત વંચાવી નહોતા શક્યા. પરંતુ આજના શિક્ષણમંત્રી જે પુસ્તકો નક્કી કરશે, તે દરેકે ફરજિયાત વાંચવાં પડશે. એટલે કે તમે તુલસીદાસજી અને શંકરાચાર્યના હાથમાં જે સત્તા નહોતી મૂકી, તે આજના શિક્ષણમંત્રીના હાથમાં મૂકી દીધી! વિદ્યાર્થીઓ તે પુસ્તકો નહીં વાંચે, તો પાસ નહીં થાય. એટલા વાસ્તે એમણે એ પુસ્તકો વાંચવાં જ પડશે. આનાથી વધારે ગુલામી બીજી કઈ હોય?

### મુક્તિ અપાવે એ જ વિદ્યા

'सा विद्या या विमुक्तये' એ પ્રાચીન મંત્રને સિદ્ધ કરીએ. વિદ્યા એટલે કેવળ આધ્યાત્મિક જ્ઞાન અને મુક્તિ એટલે છૂટકારો અર્થ ન કરવો. વિદ્યા એટલે લોકોપયોગી બધું કામ અને મુક્તિ એટલે આ જીવનમાં સર્વ દાસત્વમાંથી છૂટી જવું. દાસત્વ પારકાનું અને પોતે ઊભી કરેલી હાજતોનું. એવી મુક્તિ આપણને મેળવી આપે એ જ ભણતર.

મો. ક. ગાંધી

[*હરિજનબંધુ*, ૧૦–૩–૧૯૪૬]

[એક વિદ્યાર્થીના 'ભણીને શું કરવું? પ્રશ્નના ઉત્તરનો અંશ]

જ્યારે હું કહું છું કે શિક્ષણ સરકારી તંત્રથી સ્વતંત્ર હોવું જોઈએ, ત્યારે તે સરકારમાં દોષ છે એટલા વાસ્તે નહીં, પરંતુ માની લો કે સરકાર સર્વ ગુણ સંપન્ન છે અને તેમાં કોઈ દોષ નથી, તોયે હું કહીશ કે શિક્ષણ સરકારથી સ્વતંત્ર રહીને જ ચાલવું જોઈએ. વળી, આનો અર્થ એ પણ નહીં કે સરકાર મદદ કરે તો પણ તે ન લેવી. આપણી શરતે મદદ મળતી હોય, તો જરૂર લેવી. આપણા સિદ્ધાંતમાં કોઈ કડદો ન કરવો પડે તે જોવું. એવી કોઈ મદદ ન લેવી, જેનાથી આપણી આત્મહાનિ થતી હોય

કમનસીબી તો એ છે કે આજે લોકો પણ ઇચ્છે છે કે સરકાર જ શિક્ષણની બધી વ્યવસ્થા કરે. લોકો પોતે આવી માગણી કરે છે. પોતે બહુબહુ તો નાનું–મોટું મકાન બનાવી દે છે અને પછી અપેક્ષા રાખે છે કે સરકાર શિક્ષણ અંગેની બાકીની બધી વ્યવસ્થા કરી આપે. શિક્ષક સરકારનો, શિક્ષણપદ્ધતિ સરકારની, પરીક્ષા સરકારની. અને પછી પોતાનાં વહાલાં બાળકો એમના હાથમાં સોંપી દે છે. થવું તો એમ જોઈએ કે લોકો જ શિક્ષણપદ્ધતિ નક્કી કરે, બીજી બધી વ્યવસ્થા કરે અને પછી તેમાં સરકારની મદદ મળે. પરંતુ સરકારનો કશો અંકુશ ન હોય.

આમ તો શિક્ષકના નિર્વાહની વ્યવસ્થા પણ ગામ જ કરે તો સારું. પરંતુ તેમ ન થાય અને શિક્ષકોનો પગાર સરકાર આપે તો ભલે આપે. એ સરકારનું કર્તવ્ય છે. જેમ કે અદાલતોનું બધું ખર્ચ સરકાર આપે જ છે ને! અને તેમ છતાં ન્યાયતંત્ર આખું સરકારથી સ્વતંત્ર છે. અને સુપ્રીમ કોર્ટમાં સરકારની વિરુદ્ધ પણ ચુકાદા આપી શકાય છે, અને અપાય પણ છે; પછી ભલે ને એ વિરુદ્ધ ચુકાદો આપનાર ન્યાયાધીશનોયે પગાર સરકાર આપતી હોય. આવી જ રીતે શિક્ષણ વિભાગ પણ સરકારથી સાવ સ્વતંત્ર હોવો જોઈએ. આમ નથી થતું, તો દેશને માટે ભારે ખતરો છે.

આપણે ત્યાં આવું જ હતું. આપણે ત્યાં વિદ્યા ઉપર ક્યારેય રાજાઓની સત્તા હતી નહીં. વિદ્યા કેવી આપવી, કેવી રીતે આપવી, એ બધું ગુરુઓ નક્કી કરતા. રાજા એમને મદદ કરતા. રાજપુત્રો પણ એમની પાસે આવતા અને ગુરુ રાજપુત્રોને પણ સામાન્ય લોકોના પુત્રોની જેમ જ રાખતા. સાંદીપનિએ કૃષ્ણને એક ગરીબ બ્રાહ્મણની સાથે જ રાખેલા અને બંનેને જંગલમાં જઈને લાકડાં કાપી લાવવાનું કામ સોંપેલું. બંનેને શિક્ષણ પણ એકસરખું જ આપેલું. આશ્રમ ચલાવવા માટે રાજા મદદ કરતા, પરંતુ રાજપુત્ર માટે કોઈ વિશેષ સગવડ કે વિશેષ તાલીમ નહોતા માગતા. આવી રીતે હિંદુસ્તાનમાં વિદ્યા સાવ સ્વતંત્ર હતી. રાજાની સત્તા તેના પર નહોતી ચાલતી.

હમણાં નઈ તાલીમનો જે પ્રયોગ થયો, તે આવી રીતે સરકારથી મુક્ત રહીને જ ચાલવો જોઈતો હતો. પણ તેમ ન થયું. મોટે ભાગે સરકાર દ્વારા જ નઈ તાલીમના પ્રયોગો થયા. તેનાં પરિણામો આપણે જોઈએ છીએ. નઈ તાલીમનું 'વાનરીકરણ' થઈ ગયું. નઈ તાલીમની પાછળ તો એક જીવન-દર્શન છે. તે ગ્રહણ કર્યા વિના જ્યારે તેનું એકાંગી આકલન અને વિકૃત અનુકરણ થાય છે, ત્યારે તેનાથી નઈ તાલીમની બદનામી સિવાય બીજું શું થાય? જુદાં જુદાં રાજ્યોમાં નઈ તાલીમના જે સરકારી પ્રયોગ થયા, તેની જે દશા મેં જોઈ, તેથી મને થયું કે કદાચ નઈ તાલીમની ઘોર ખોદાઈ રહી છે! આવી વિકૃતિ માટે જવાબદાર એ લોકો જ છે, જેમણે પોતે નઈ તાલીમને સરકારની સાવ આશ્રિત બનવા દીધી. થવું તો એમ જોઈતું હતું કે આપણે નઈ તાલીમના શુદ્ધ નમૂના ઠેર ઠેર સરકારથી નિરપેક્ષ રહીને ઊભા કરત.

સરકારી અમલદારો મારફત અત્યાર સુધી નઈ-તાલીમના જે પ્રયોગો કરવામાં આવ્યા, તેના બે પ્રકાર

છે. એક પ્રકાર તો જાણી જોઈને બુનિયાદી તાલીમને બદનામ કરવાના ઉદ્દેશથી જ ચાલ્યો, કે જેથી તે ખર્ચાળ સાબિત થાય, તેમાં જ્ઞાનની કમી દેખાય, વાલીઓ નારાજ થાય, વિદ્યાર્થીઓ પણ અસંતુષ્ટ થઈ જાય. સ્પષ્ટ છે કે એક સારી વસ્તુનો આ અપ્રામાણિક વ્યવહાર છે. તેને તો આપણે છોડી પણ દઈએ. પરંતુ બીજો પ્રકાર પ્રામાણિક છે. તેમ છતાં તેમાં નવાં મૂલ્યોનો સ્વીકાર કર્યા વિના જૂનાંપુરાણાં મૂલ્યોને કાયમ રાખીને નઈ તાલીમનો તેના કેટલાક ગુણો માટે સ્વીકાર કરવાની વાત છે. આ પ્રકાર પ્રામાણિક હોવા છતાં નઈ તાલીમનું અસલી સ્વરૂપ તેમાં નહીં દેખાય. એટલા વાસ્તે એ બહુ જ જરૂરી છે કે નવાં મૂલ્યોની બુનિયાદ ઉપર જેટલા પરિશુદ્ધ પ્રયોગ કરી શકાય, તેટલા કરવા જોઈએ.

દેશ હજી આઝાદ નહોતો થયો, ત્યારે રાષ્ટ્રીય શિક્ષણનો વિચાર આવ્યો અને તે માટે સ્વતંત્ર વિદ્યાપીઠો પણ ખૂલી. પરંતુ દેશ આઝાદ થઈ ગયો એટલે લોકોને થયું કે હવે સરકારી વિદ્યાલયો પણ રાષ્ટ્રીય વિદ્યાલય જ છે ને! પરંતુ વાસ્તવમાં એમ નહોતું. તેથી સરકારે નિરપેક્ષ શિક્ષણના સ્વતંત્ર પ્રયોગ કરવાની આવશ્યકતા હતી અને આજેયે છે. વળી, માત્ર નઈ તાલીમ જ નહીં, દેશની આખી શિક્ષણ વ્યવસ્થા સરકારથી સાવ સ્વતંત્ર રહીને ચાલવી જોઈએ.

જ્યારે હું કહું છું કે શિક્ષણ સરકારી તંત્રથી સ્વતંત્ર હોવું જોઈએ, ત્યારે તે સરકારમાં દોષ છે એટલા વાસ્તે નહીં, પરંતુ માની લો કે સરકાર સર્વ ગુણ સંપન્ન છે અને તેમાં કોઈ દોષ નથી, તોયે હું કહીશ કે શિક્ષણ સરકારથી સ્વતંત્ર રહીને જ ચાલવું જોઈએ. વળી, આનો અર્થ એ પણ નહીં કે સરકાર મદદ કરે તો પણ તે ન લેવી. આપણી શરતે મદદ મળતી હોય, તો જરૂર લેવી. આપણા સિદ્ધાંતમાં કોઈ કડદો ન કરવો પડે તે જોવું. એવી કોઈ મદદ ન લેવી, જેનાથી આપણી આત્મહાનિ થતી હોય. ગામેગામમાં શિક્ષણની નિરપેક્ષ વ્યવસ્થા ઊભી થાય. શિક્ષણનો સંબંધ જ્યારે ગ્રામસ્વરાજ સાથે જોડાશે, ત્યારે આમ થઈ શકશે.

સારાંશ કે, શિક્ષણને સરકારી તંત્રથી સાવ મુક્ત જ રાખવું જોઈએ. જ્ઞાનના ક્ષેત્રમાં સંપૂર્ણ આઝાદી હોય. તેના ઉપર સરકારની સત્તા હરગિજ ન ચાલે. જેમ ન્યાયતંત્ર છે, તેમ શિક્ષણનું તંત્ર પણ સ્વતંત્ર જ હોય.

[સૌજન્યઃ *શિક્ષણવિચાર*, સં. કાન્તિ શાહ, યજ્ઞ પ્રકાશન, પહેલી આવૃત્તિ, ડિસેમ્બર ૨૦૦૫]

❐


## નવજીવનનાં કેળવણીવિષયક પુસ્તકો

***કેળવણીનો કોયડો*** ગાંધીજી ₹80.00

***ખરી કેળવણી*** ગાંધીજી ₹80.00

***ટૉલ્સ્ટૉયની ૨૩ વાર્તાઓ*** લિયો ટૉલ્સ્ટૉય, અનુ. જિતેન્દ્ર દેસાઈ ₹150.00

***પાયાની કેળવણી*** ગાંધીજી ₹50.00

***આત્મરચના અથવા આશ્રમી કેળવણી*** જુગતરામ દવે ₹125.00

***જીવનનું પરોઢ*** પ્રભુદાસ ગાંધી ₹150.00

***બુનિયાદી શિક્ષણ (નઇ તાલીમ)ની ઐતિહાસિક અને વૈચારિક વિકાસયાત્રા*** ચંદ્રકાંત ઉપાધ્યાય ₹35.00

***મહાત્મા ગાંધીની કેળવણીની ફિલસૂફી*** ડૉ. મણિભાઈ પટેલ ₹60.00

***મૂરખરાજ અને તેના બે ભાઈઓ*** ગાંધીજી ₹10.00

***ગાંધીજીનું શિક્ષણદર્શન (એમના જ શબ્દોમાં)*** સં. મ. જો. પટેલ ₹60.00

# અસ્પૃશ્યતાનિવારણ અંગે ભારતમાં ગાંધીભાઈનું પહેલું ભાષણ[1]

**મો. ક. ગાંધી**

***ભારતભ્રમણ કરતા કરતા દેશના દક્ષિણ છેડે પહોંચી ગયેલા ગાંધીભાઈએ તામિલનાડુ અને આંધ્રપ્રદેશમાં થઈને જ વીસેક દિવસો ગાળ્યા હતા. ત્યાં તામિલનાડુના નાગાપટ્ટીનમ જિલ્લાના માયાવરમના લોકોએ આ અચાનક લીધેલી મુલાકાતને આંગણે આવેલા અવસરમાં પલટાવી ને ગાંધીભાઈનું સન્માન કર્યું. માનપત્ર સ્વીકારતા ગાંધીભાઈએ જે ભાષણ કર્યું એ ગાંધીજીના ભારત આગમનથી ચંપારણ સત્યાગ્રહને આવરી લેતા ગાંધીજીનો અક્ષરદેહ-૧૩માંથી…***

મે ૧, ૧૯૧૫

**પ્રમુખ** મહાશય અને મિત્રો,

આપનું આ માયાવરમ્, શહેર કહેવાતું હોય કે ગામ, એમાંથી અમે માત્ર પસાર થઈ રહ્યાં હતાં તે પ્રસંગે[2] આ સુંદર માનપત્ર આપવા બદલ હું માયાવરમ્‌ના લોકોનો અત્યંત આભારી છું. અમે દક્ષિણ આફ્રિકામાં આઠ વર્ષ સુધી ચાલેલા સંગ્રામ દરમિયાન ગોળીથી ઠાર થયેલી બે વ્યક્તિઓની વિધવાઓને મળવાની આશાએ અહીંથી એક સ્થળે ગયાં હતાં. એમાંની એક જ બહેનને હું મળી શક્યો છું. બીજીને મળી શકાયું નથી તેમ છતાં આ મહાન ઇલાકો છોડવા અગાઉ તે બહેનને પણ મળી શકાશે એવી હું આશા રાખું છું. અમે માયાવરમ્‌ને રસ્તે થઈને માત્ર પસાર થતાં હતાં, તોપણ આપે અમને એમ ને એમ જવા ન દીધાં તેથી મને વિશેષ આનંદ થયો છે. પરંતુ આપે ખૂબ જ પ્રેમપૂર્વક કરેલા આ સ્વાગતનું જો અમે ગૌરવ કર્યું છે અને સ્વીકાર કર્યો છે, તો આ પવિત્ર ભૂમિમાં પાછા આવ્યા પછી પહેલી જ વાર, હું આપે અમારા પ્રત્યે દર્શાવેલા પ્રેમનો બદલો વાળવાની શરૂઆત કરી શકું? અને આપની રજા લઈ આજની સાંજથી જ એ પ્રમાણે કરવાનો હું પ્રયાસ કરીશ.

મને મારા પંચમવર્ણના ભાઈઓ તરફથી માનપત્ર મેળવવાનો ભારે આનંદ મળ્યો એ તદ્દન આકસ્મિક રીતે જ બન્યું છે. માનપત્રમાં એમણે કહ્યું કે એમને પીવાના પાણીની સગવડ નથી, એમને જીવનનિર્વાહની જરૂરી ચીજો મળતી નથી અને તેઓ જમીન ખરીદી શકતા નથી કે ધારણ કરી શકતા નથી. કાયદાની અદાલતમાં જવું પણ એમને માટે મુશ્કેલ છે. સંભવિત છે કે ભયને કારણે તેઓ કાયદાની અદાલતમાં જઈ શકતા નથી, પરંતુ આ ભયનો દોષ ખરેખર તેમના પોતાના પર નાખી શકાય તેમ નથી. તો પછી આ પરિસ્થિતિને માટે જવાબદાર કોણ છે? શું આપણે આ પરિસ્થિતિને કાયમને માટે ચાલુ રાખવા માગીએ છીએ? શું આ હિંદુ ધર્મનું એક અંગ છે? હું એ નથી જાણતો. હિંદુ ધર્મ ખરેખર શું છે તે મારે હવે જાણવું પડશે. હિંદુસ્તાનની બહાર રહીને હું હિંદુ ધર્મનો જે કંઈ અભ્યાસ કરી શક્યો છું તે ઉપરથી મને લાગ્યું છે કે 'અસ્પૃશ્ય' કહી શકાય એવા એક સમૂહને પોતાની અંદર અલગ રાખી મૂકવાની વાત હિંદુ ધર્મનું અંગ નથી. જો કોઈ મને સાબિત કરી બતાવે કે હિંદુ ધર્મનું આ એક આવશ્યક અંગ છે, તો હું પોતે તો ખુદ હિંદુ ધર્મ સામે જ ખુલ્લો બળવો જાહેર કરીશ. (હર્ષધ્વનિ.) પરંતુ હિંદુ ધર્મનું આ એક આવશ્યક અંગ છે એ વાતની મને હજી ખાતરી થઈ નથી અને હું આશા રાખું છું કે મારા જીવનના અંત સુધી મને એની ખાતરી થવાની નથી. પરંતુ અસ્પૃશ્યોના આ વર્ગ માટે જવાબદાર કોણ છે? મને કહેવામાં આવ્યું છે કે જે કોઈ જગ્યાએ

1. મૂળ શીર્ષક. માયાવરમ્‌ના સત્કાર સમારંભમાં ભાષણ —સં.

2. વિક્ટોરિયા ટાઉન હૉલમાં યોજવામાં આવેલી સભામાં મ્યુનિસિપાલિટીના અધ્યક્ષના સ્વાગત ભાષણના ઉત્તરમાં. પ્રમુખસ્થાને રાવબહાદુર વી. કે. રામાનુજાચારિયર હતા. મૂ.

બ્રાહ્મણો છે ત્યાં તેઓ જ પોતાની શ્રેષ્ઠતાનો અધિકારપૂર્વક લાભ ઉઠાવી રહ્યા છે. પરંતુ શું આજે પણ તેઓ શ્રેષ્ઠતા ભોગવે છે ખરા? જો તેઓ એ ભોગવતા હોય તો આ પાપ તેમને શિરે રહેશે. અને આ જ તે બદલો વાળવાની વાત છે જેની હું અહીંયાં જાહેરાત કરવા માગું છું. અને આપ મારા પ્રત્યે જે સ્નેહ બતાવો છો તેને માટે પણ મારે આ જ બદલો વાળવાનો છે. ઘણી વાર મારા મિત્રો અને મારા સંબંધીઓ પ્રત્યેનો મારો પ્રેમ તેમ જ મારી પ્રિય પત્ની પ્રત્યેનો પ્રેમ પણ હું આવી અવળી રીતે દર્શાવું છું. એટલે આપના સ્નેહના બદલારૂપે હું કંઈક એવા શબ્દો કહી રહ્યો છું જે સાંભળવા કદાચ આપ તૈયાર નહીં હો. પરંતુ મને લાગે છે કે બ્રાહ્મણો માટે તેમનો સ્વાભાવિક ખાસ અધિકાર ફરીથી પ્રાપ્ત કરવાનો સમય આવી લાગ્યો છે. મને ભગવદ્‌ગીતાનો[1] પેલો સુંદર શ્લોક યાદ આવે છે. પરંતુ એ શ્લોક ગાઈ સંભળાવીને શ્રોતાજનોને ઉત્તેજિત કરવાને બદલે, હું માત્ર તેનો સાર જ આપું છું : “સાચો બ્રાહ્મણ એ છે કે જે પંડિત અને પરિયા [દક્ષિણ હિંદની એક અસ્પૃશ્ય મનાયેલી જાતિ કે તેનો માણસ] બંને પ્રત્યે સમદર્શી છે.”

શું માયાવરમ્‌ના બ્રાહ્મણો પરિયા પ્રત્યે સમદર્શી છે? અને તેઓ મને એટલું કહેશે ખરા કે જો તેઓ પોતે સમદર્શી હોય છતાં શું બીજા એમનું અનુકરણ નહીં કરશે? જો તેઓ મને એમ પણ કહે કે અમે તો સમદર્શી રહેવા તૈયાર છીએ પણ બીજા અમારું અનુકરણ કરતા નથી, તોપણ જ્યાં સુધી મેં મારા હિંદુ ધર્મ વિશેના ખ્યાલો સુધાર્યા નહીં હોય ત્યાં સુધી મને એમનું કહેવું નહીં માનવાની ફરજ પડશે. બ્રાહ્મણો પોતે જો એમ માનતા હોય કે તેઓ તપસ્યા અને સંયમને લીધે ઉચ્ચ આસન પર બિરાજમાન છે તો તો તેમણે પોતે ઘણું બધું શીખવાનું રહે છે; તો તો આ દેશને શાપરૂપ બનાવનાર અને તેનો વિનાશ કરનાર તેઓ પોતે જ છે.

હિંદુસ્તાનની બહાર રહીને હું હિંદુ ધર્મનો જે કંઈ અભ્યાસ કરી શક્યો છું તે ઉપરથી મને લાગ્યું છે કે ‘અસ્પૃશ્ય’ કહી શકાય એવા એક સમૂહને પોતાની અંદર અલગ રાખી મૂકવાની વાત હિંદુ ધર્મનું અંગ નથી. જો કોઈ મને સાબિત કરી બતાવે કે હિંદુ ધર્મનું આ એક આવશ્યક અંગ છે, તો હું પોતે તો ખુદ હિંદુ ધર્મ સામે જ ખુલ્લો બળવો જાહેર કરીશ

મારા મિત્ર અધ્યક્ષ મહાશયે મને પ્રશ્ન પૂછ્યો છે કે મારે મારા નેતાઓ સાથે ઝઘડો છે એ વાત સાચી છે કે નહીં. હું કહું છું કે મારે મારા નેતાઓ સાથે કશો પણ ઝઘડો નથી. મારા નેતાઓ સાથે મારે ઝઘડો થયો હોવાનો ભાસ એટલા માટે થાય છે કે મેં ઘણી એવી વાતો સાંભળી છે જે મને સ્વમાન વિશેના મારા ખ્યાલો સાથે તથા મારી માતૃભૂમિના ગૌરવ સાથે અસંગત લાગે છે. કદાચ જે પવિત્ર જવાબદારી તેઓએ પોતાને માથે લીધી છે તેઓ અદા કરતા નથી એવું મને લાગે છે. હું એમની પાસેથી ડહાપણ શીખી રહ્યો છું કે ડહાપણ મેળવવા માટે મથી રહ્યો છું એ નથી કહી શકતો, પરંતુ હું એ ડહાપણ લેવામાં નિષ્ફળ નીવડ્યો છું. સંભવ છે કે મારામાં એમને અનુસરવાની યોગ્યતા કે શક્તિ ન હોય. એટલે હું મારા વિચારોમાં ફેરફાર કરીશ. આમ છતાં હું એટલું કહેવાની સ્થિતિમાં છું ખરો કે હું મારા નેતાઓ સાથે ઝઘડતો હોઉં એવું દેખાય છે ખરું. તેઓ જે કંઈ કરે છે અથવા કહે છે તે એક યા બીજા કારણે મારા ગળે ઊતરતું નથી. તેઓ જે કંઈ કરે છે અથવા કહે છે તેનો મોટો ભાગ મારે ગળે ઊતરતો હોય એવું દેખાતું નથી. અહીં

૧. અધ્યાય ૫, શ્લોક ૧૮

> જો આપ માનતા હો કે આપ સ્વદેશી લોકો છો અને છતાં જો આપ આ બધું અંગ્રેજીમાં પ્રગટ કરતા હો, તો પછી મારે કહેવું પડશે કે હું પોતે સ્વદેશી નથી. મને લાગે છે કે આ બધી વાત પરસ્પર વિરોધી છે. મારે અંગ્રેજી ભાષા વિરુદ્ધ કશું પણ કહેવાનું નથી. પરંતુ હું એટલું તો જરૂર કહું છું કે જો આપ દેશી ભાષાઓને મારી નાખીને એમની કબર પર અંગ્રેજી ભાષાની ઇમારત ચણો (વાહ, વાહ!) તો આપ સ્વદેશીને એના સાચા અર્થમાં અપનાવતા નથી

સ્વાગતના શબ્દો અંગ્રેજી ભાષામાં બોલાયા છે. કૉંગ્રેસના કાર્યક્રમનો એક ઠરાવ સ્વદેશી વિશે છે એવું મારા જોવામાં આવ્યું છે. જો આપ માનતા હો કે આપ સ્વદેશી લોકો છો અને છતાં જો આપ આ બધું અંગ્રેજીમાં પ્રગટ કરતા હો, તો પછી મારે કહેવું પડશે કે હું પોતે સ્વદેશી નથી. મને લાગે છે કે આ બધી વાત પરસ્પર વિરોધી છે. મારે અંગ્રેજી ભાષા વિરુદ્ધ કશું પણ કહેવાનું નથી. પરંતુ હું એટલું તો જરૂર કહું છું કે જો આપ દેશી ભાષાઓને મારી નાખીને એમની કબર પર અંગ્રેજી ભાષાની ઇમારત ચણો (વાહ, વાહ!) તો આપ સ્વદેશીને એના સાચા અર્થમાં અપનાવતા નથી. જો આપને લાગે કે મને તામિલ નથી આવડતું, તો આપે મને માફ કરવો જોઈએ, આપે મને તામિલ શીખવવું જોઈએ અને શીખવા કહેવું જોઈએ. પરંતુ જો આપ આ સુંદર ભાષામાં જ આપનું સ્વાગત ભાષણ આપો અને મારે માટે એનો અનુવાદ કરાવી દો, તો હું જરૂર માનું કે આપ સ્વદેશીના કાર્યક્રમને કેટલેક અંશે પાર પાડી રહ્યા છો. અને ત્યારે જ હું માની શકું કે મને સ્વદેશીનું શિક્ષણ અપાઈ રહ્યું છે. જ્યારે અમે માયાવરમ્ થઈને પસાર થતાં હતાં ત્યારે મેં અહીંયાં હાથસાળો છે કે નહીં અને તેના ઉપર વણનારા વણકરો છે કે નહીં એવો પ્રશ્ન કર્યો હતો. મને કહેવામાં આવ્યું કે માયાવરમ્‌માં ૫૦ હાથસાળો છે. તરત જ મેં જ્યારે પૂછ્યું કે તેનો શો ઉપયોગ કરવામાં આવે છે ત્યારે માલૂમ પડ્યું કે તેના પર માત્ર આપણી બહેનોને માટે સાડીઓ તૈયાર કરવામાં આવે છે. તો શું સ્વદેશી માત્ર બહેનો પૂરતું જ મર્યાદિત રાખવાનું છે? શું તે કેવળ એમની સંભાળ નીચે રહેવાનું છે? આપણા મિત્રો, પુરુષવર્ગ, આ જ સાળો પર આ જ વણકરો મારફતે પોતાનાં કપડાં તૈયાર કરાવતા હોય એવું દેખાતું નથી. (એક અવાજ: અહીંયાં એક હજાર હાથસાળો છે.) આપ કહો છો તેમ અહીંયાં એક હજાર સાળો હોય તો તે વાત નેતાઓ માટે વધારે શરમજનક છે. (જોરથી તાળીઓ.) જો આ એક હજાર સાળો માત્ર બહેનોની જ જરૂરિયાતો પૂરી પાડવાનું કામ કરતી હોય, તો આપ આનાથી બમણી સાળોની વ્યવસ્થા કરો. એમ કરશો તો કપડાંની આપની તમામ જરૂરિયાત આપના પોતાના જ વણકરો પૂરી પાડશે અને પછી આ ભૂમિમાં ગરીબાઈ રહેશે નહીં. હું આપને પૂછું છું અને આપણા મિત્ર, અધ્યક્ષ મહાશયને પૂછું છું કે આપ આપના પોશાકને માટે કેટલે અંશે પરદેશી માલ પર આધાર રાખો છો? અને જો તેઓ મને કહે કે બહુ પ્રયત્ન કર્યો હોવા છતાં હું મારા પોશાક માટે સ્વદેશી વસ્ત્રો મેળવી શક્યો નથી અને તેથી જ મારે વિદેશી વસ્ત્રો પહેરવાં પડે છે તો હું એમનાં ચરણો આગળ બેસીને એમની પાસેથી બોધપાઠ લઈશ. કંઈ પણ વધારાનો ખર્ચ કર્યા વિના સ્વદેશી પોશાક બનાવડાવવાનું મારે માટે પૂરેપૂરું શક્ય છે એવું આજે મને જાણવા મળ્યું છે. તો પછી જેઓ કૉંગ્રેસમાં સ્વદેશીનો પ્રસ્તાવ રજૂ કરે છે અથવા તે રજૂ કરનારા મનાય છે, તેમની પાસેથી સ્વદેશી વિશેના ઠરાવનું રહસ્ય મારે કેવી રીતે શીખવું? હું મારા નેતાઓને ચરણે બેસું છું, માયાવરમ્‌ના લોકોને

ચરણે બેસું છું, અને કહું છું કે તેઓ આ રહસ્યનો ભેદ ખુલ્લો કરે, એનો અર્થ મને સમજાવે, મને શીખવે કે મારે કેવી રીતે વર્તવું, અને મને સમજાવે કે શું સ્વદેશીનો અને રાષ્ટ્રીય ચળવળનો એ એક ભાગ છે કે જે લોકો ઘરબાર વિનાના છે, જેઓ અન્નપાણી વિના ટળવળી રહ્યા છે તેમની માગણીઓ મારે તરછોડવી અને તેમને ભગાડી મૂકવા? અહીં બેઠેલા મારા મિત્રોને હું આ સવાલો પૂછું છું. હું કંઈક આપની વિરુદ્ધનું બોલી રહ્યો છું, એટલે મને શંકા છે કે કદાચ હું વિદ્યાર્થીવર્ગનો પ્રેમભાવ અને મારા નેતાઓના આશીર્વાદ ગુમાવી બેસીશ. પરંતુ મારી વિનંતી છે કે આપ મોટું દિલ રાખશો અને એ દિલના એક નાના ખૂણામાં મને સ્થાન આપશો. હું એ ખૂણામાં ચુપકીદીથી પ્રવેશવા પ્રયત્ન કરીશ. આપ જો મને એ ડહાપણ શીખવવાની કૃપા કરશો, તો તે હું નમ્ર ભાવે અને પૂરા દિલથી શીખી લઈશ. હું એને માટે આપને પ્રાર્થના કરું છું અને વિનંતી પણ કરું છું, પરંતુ આપ જો મને એ શીખવી નહીં શકો તો હું ફરીથી જાહેર કરું છું કે મારા નેતાઓ સાથે મારે ઝઘડા છે. (જોરથી તાળીઓ.)

(મૂળ અંગ્રેજી)

*હિંદુ*, ૩–૫–૧૯૧૫

[*ગાંધીજીનો અક્ષરદેહ*, ૧૩:૬૫]

❒

## અસ્પૃશ્યતા : હિંદુ ધર્મના મર્મને કોરી ખાતું ઝેર

**આજે** હિંદુ ધર્મમાં જે જાતની અસ્પૃશ્યતા પળાઈ રહી છે તે મારા મત મુજબ ઈશ્વર અને માણસ સામેનું પાપ છે અને તેથી તે હિંદુ ધર્મના મર્મને ધીમે ધીમે કોરી ખાતા ઝેર જેવી છે. મારા અભિપ્રાય મુજબ હિંદુ શાસ્ત્રોને સમગ્રપણે જોતાં અસ્પૃશ્યતાને કોઈ પણ જાતનો ટેકો નથી. બેશક એક પ્રકારની હિતકારક અસ્પૃશ્યતાનો ઉલ્લેખ શાસ્ત્રોમાં જોવા મળે છે અને તે બધા ધર્મોમાં છે. એ સ્વચ્છતાનો નિયમ છે. તે તો સદાય રહેશે. પણ જે જાતની અસ્પૃશ્યતા આજે આપણે હિંદમાં જોઈએ છીએ તે એક ઘૃણાજનક વસ્તુ છે અને તે જુદા જુદા પ્રાંતોમાં, જિલ્લાઓમાં પણ વિવિધ રૂપ ધારણ કરે છે. તેણે અસ્પૃશ્યો અને સ્પૃશ્યો બંનેની અધોગતિ કરી છે. તેણે લગભગ ચાર કરોડ માનવીઓનો વિકાસ અટકાવ્યો છે. તેમને જીવનની સામાન્ય સુખસગવડો પણ આપવામાં આવતી નથી. તેથી અસ્પૃશ્યતાનો જેટલો વહેલો નાશ થાય તેટલો, હિંદુ ધર્મ માટે, હિંદ માટે અને સમગ્ર માનવજાત માટે સારો.

[*ગાંધીજીનો અક્ષરદેહ*, ૫૩:૨૯૦]

[મો. ક. ગાંધીની રેવ. સ્ટેન્લી જોન્સ સાથેની મુલાકાતનો અંશ. જેમણે લખેલું ગાંધીજીનું જીવનચરિત્ર (*Mahatma Gandhi : An Interpretation*, 1948) વાંચીને માર્ટિન લ્યૂથર કિંગ નાગરિક અધિકારની લડત અહિંસક માર્ગે લડવા પ્રેરાયા]

# વિચારનો પાયો

**પ્રભુદાસ છ. ગાંધી**

***'નવજીવનનો અક્ષરદેહ'ના વાચકો પ્રભુદાસ ગાંધીના** જીવનનું પરોઢ **પુસ્તકનાં લખાણોથી સારી પેઠે વાકેફ છે. નાનપણમાં 'ઠોઠ' વિદ્યાર્થીમાં ખપેલા પ્રભુદાસ આગળ જતાં 'ખાદીવિદ્યાના અને કળાના એક સમર્થ આચાર્ય' બને છે.** જીવનનું પરોઢ**ની પ્રસ્તાવનામાં ગૂજરાત વિદ્યાપીઠના એક સમયના આચાર્ય કાકાસાહેબ ખાદીવિદ્યાના આ આચાર્ય માટે લખે છે તેમ, 'ખાદીનું તત્વજ્ઞાન, એનું અર્થશાસ્ત્ર, એની પાછળ રહેલું સમાજશાસ્ત્ર એ બધું તો એને આવડે જ છે, પણ ખાદીના યંત્રશાસ્ત્રમાં પણ એણે નવી નવી શોધો કરી છે.' એવા આ પ્રભુદાસના રેંટિયો, શિક્ષણ અને અર્થશાસ્ત્ર સંબંધિત પાયાના વિચાર. …***

**૧૯૧૫માં** સાબરમતી આશ્રમ શરૂ થયો અને ૧૯૩૩માં બાપુજીએ એનું સ્વહસ્તે વિસર્જન કર્યું. તે સમયગાળાના સારરૂપે થોડું કહેવા ઇચ્છું છું. આશ્રમનાં અગિયાર મહાવ્રતો અને બાપુજીએ નક્કી કરેલા અઢાર રચનાત્મક કાર્યક્રમો એ બધાનું સમગ્ર પ્રાણતત્ત્વ એ ખાદી તથા કેળવણી. આ બંને દ્વારા આશ્રમનું સંચાલન કરવાની બાપુજીની ગણતરી હતી. ગાડાનાં જેમ બે પૈડાં હોય છે તેમ બાપુએ વિચારેલી સ્વરાજયાત્રાની ગાડીનાં બે પૈડાં તે—વિશુદ્ધ ખાદીઉદ્યોગ અને પાયાની કેળવણી. જેટલી કક્ષાએ આ બે પૈડાં કામ કરે તેટલી માત્રામાં બાપુના સ્વપ્નનું સ્વરાજ સાકાર બને.

૧૯૩૩માં બાપુજીએ સત્યાગ્રહ આશ્રમના વિસર્જન વખતે આશ્રમનાં ભાઈબહેનોને પ્રાર્થના સમયે તેમ જ અલગ સમજાવ્યું કે આપણે આ આશ્રમ બંધ નથી કરતા પણ હવે આને જંગમ આશ્રમ બનાવીએ છીએ. એકેક જણે એકેક ગામ પસંદ કરીને બેસી જવાનું છે. ત્યાં આશ્રમનું જીવન ગાળવાનું છે અને આશ્રમનાં કામ કરવાનાં છે

## રેંટિયો અને સાવરણી

સાંજે ફરવા ટાણે એમણે મને ગામડામાં સ્થિર થવાનું સમજાવ્યું અને કહ્યું કે 'તું એમ નહીં પૂછતો કે ત્યાંના કામ માટે પૈસાનું કેમ કરવું?

મેં તને બે ચીજ આપી છે : એક રેંટિયો અને બીજી સાવરણી. આ બે વડે ગ્રામસેવા કરતો રહીશ તો મને સંતોષ થશે. એક વાત ધ્યાનમાં રાખવી કે ગામમાં જઈ વાંચવા-લખવામાં વધારે પડતા પરોવાઈ ન જવું. દિવસના ભાગમાં ગામવાળા આપણી પાસે આવે ત્યારે આપણને તેઓ રેંટિયો ચલાવતા જુએ અથવા વાંસલો, કરવતી વાપરતા જુએ તો જ આપણી ત્યાં કંઈક કિંમત થવાની છે.' છેવટે મને એમ પણ કહ્યું, 'કામ થયાનું વિવરણ કોઈ માગે તો મૂંઝાવું નહીં. હરિજનવાસમાં જઈ એક છોકરાનું જીવન તું સુધારીશ તો મારે હિસાબે તેં કામ કર્યું એમ હું માની લઈશ.'

## બાપુની ગ્રામસેવાની તીવ્રતા

ઉત્તર પ્રદેશના એક ગામડામાં હું બેઠો હતો તે દોઢ હજારની વસતિવાળું હતું. ત્યાંથી એક વાર બાપુજી પાસે સેવાગ્રામ ગયો. ત્યાં એમણે મારા કામનો હિસાબ માગ્યો. પછી કહ્યું કે આવડા મોટા ગામમાં બેસવાનું હું નહીં ઇચ્છું. સડકથી અને રેલના પાટાથી દૂર એવું ચારસો-પાંચસોની વસતિવાળું ગામ પસંદ કરવું જોઈએ. અને ત્યાં પણ આખા ગામને પહોંચી ન વળાય તો ૨૦-૨૫ ઘરના મહોલ્લાને જ હાથમાં લેવો. પછી

એટલાં ઘરનાં કોઈ પણ બાળક કે ડોશી માંદી પડે ત્યારે એની સારવારમાં પરોવાઈ જવું. એમની સાથે તારે એટલા ભળી જવું જોઈએ કે મહોલ્લાના એક જણનુંયે માથું દુખે તો તારું પોતાનું માથું દુખે.' આ હતી બાપુજીની ગ્રામસેવાની તીવ્રતા.

## આખું ગામ ખાદીધારી બને

આખું ગામ ખાદી પહેરતું થાય એ બાપુજીનો આગ્રહ હતો. ધીરેન્દ્રભાઈ મજમુદારે મને વાત કરેલી કે બાપુજીએ કહ્યું છે કે જે ગામડાનાં એંશી ટકા માણસો પૂરા ખાદી પહેરનારાં થશે ત્યારે એ ગામ જોવા હું આવીશ. એટલે હું પ્રયત્નમાં હતો કે મારું આખું ગામ ખાદી જ ખાદીવાળું થાય. ત્યાં કપાસ પાકતો હતો. મેં આરંભ કર્યો ત્યારે બાર ટકા કપડું ખાદીનું હતું. વરસમાં ત્રણચાર વાર બાપુજીને હું પ્રગતિના આંકડા લખી મોકલતો. તેમાં પિસ્તાળીસ ટકા જેટલે પહોંચી શકાયું હતું.

આ અંગે પણ સેવાગ્રામમાં બાપુજીએ સવારના ફરતી વખતે મને પૂછ્યું કે 'કઈ રીતે ગામવાળાઓને સમજાવે છે?' મેં જવાબ આપ્યો એથી એમને સંતોષ ન થયો. બોલ્યા, 'બુદ્ધિ વાપરતાં શીખો. એટલે જ હું હથોડા મારીને તમારી બુદ્ધિ વધારવા માગું છું. મંદબુદ્ધિથી ખાદીકામ નથી થઈ શકવાનું. ડગલે ને પગલે બુદ્ધિ વાપરવાની જરૂર છે. તો જ લોકોને આપણે ખાદી પહેરતાં કરી શકીશું.'

## ઉદ્યોગ દ્વારા શિક્ષણ
## શિક્ષણમાં ઉદ્યોગનો અનુબંધ તે નઈ તાલીમ

એ જ દિવસોમાં મેં બાપુજીને પૂછ્યું કે, તમે સાબરમતી આશ્રમમાં અમારી પાસે ઉદ્યોગ કરાવતા અને રાષ્ટ્રીય શાળામાં ભણાવતા ત્યારે પાયાની કેળવણીની વાત ન હતી. વર્ધા આશ્રમમાં આવ્યા પછી આપે પાયાની કેળવણીની વાત કરી. તો આશ્રમની તે વખતની કેળવણી અને આ પાયાની કેળવણીની નવી વાતથી શું પરિવર્તન આપ માંગો છો? તેમણે કહ્યું કે, ફિનિક્સમાં અને સાબરમતીમાં કામ કરવા પર પુષ્કળ ભાર હતો એ ખરું. અને ભણવાનુંયે ચાલતું, પણ મેં જોયું કે તમને બધાને આટલાં વરસ સુધી એ શીખવ્યા છતાં આશ્રમનાં છોકરાંઓએ જોઈએ એટલો ઉદ્યોગ અપનાવ્યો નથી. પુસ્તકના ભણતરનો મોહ વધારે છે. હાથે કામ કરવાનો એટલો નથી અને સ્વાવલંબન આવતું નથી. સૌ નોકરી ખોળે છે. એટલે મેં વિચાર્યું કે ઉદ્યોગ મારફતે કેળવણી ચાલે તો જ આપણા વિદ્યાર્થીઓ કામ કરતા થશે અને સમાજ પાંગળો બનતો મટશે.

ઉદ્યોગ દ્વારા શિક્ષણ અને શિક્ષણમાં ઉદ્યોગનો અનુબંધ એ પાયાની કેળવણી છે. પહેલાંયે સાબરમતી આશ્રમમાં ઉદ્યોગની સાથે સાથે શિક્ષણ માટે બાપુજી ઘણો આગ્રહ રાખતા. સવાર-સાંજની પ્રાર્થનામાં સમય મેળવીને નાનામોટા સૌ આશ્રમવાસીઓને રામાયણ, ગીતા, ભજન અને બીજા ધર્મગ્રંથો શીખવતા. લખવામાં, ગણિતમાં કાચા વિદ્યાર્થીને પોતે તપાસી તેને ભૂમિતિ, અંકગણિત વગેરેની રીતો બતાવતા. આઠ આઠ કલાક રેંટિયો ચલાવવાનો નિયમ કર્યો ત્યારે પણ કલાક દોઢ કલાક રોજનું ભણતર ચાલે એવી કાળજી રાખેલી. બાપુજીના જીવનના છેલ્લા દિવસો દિલ્હીમાં વીત્યા ત્યારે મહિનાઓ સુધી એમનાં પ્રાર્થના-પ્રવચનો લખી લેવાનું કામ મેં કરેલું. આખો દિવસ ઘણી પ્રવૃત્તિમાં રહ્યા છતાં તેઓ ઝીણવટથી એ લખાણ તપાસતા અને પૂછતા કે આ શબ્દ કેમ વાપર્યો? એમને બહુ

ચીવટ હતી કે ભારે ભારે શબ્દો ન વાપરવા. છતાં અર્થ ઘણો વજનદાર હોય. નવું કંઈક શીખ્યા વગર અમારો એક પણ દિવસ વીતે તો તો તેઓ અકળાઈ જતા.

## વિદ્યાનું ઝરણું વહેતું રાખજો

રેંટિયાને નામે ભણતરનું મીડું એમનાથી જરાય સહન થતું ન હતું. ભણવું, કાંતવું, પ્રાર્થના એ ત્રણે બાળકથી બુઢ્ઢા સુધીનાં સૌએ રોજ કરવાં જ જોઈએ, એ એમનો આગ્રહ હતો. પ્રવાસમાં પણ આશ્રમવાસીઓ એમાં પ્રમાદ ન કરે એમ તેઓ ફરી ફરી કહેતા.

આજે અહીંથી ભણીગણીને સ્નાતક બની આ વિદ્યાભૂમિમાંથી તમે પોતપોતાના કાર્યક્ષેત્રમાં પહોંચશો ત્યાં આગળ કામ તમને ઘેરી વળશે. છતાં બાપુનું સ્મરણ કરીને તમારું વિદ્યાપ્રાપ્તિનું ઝરણું આગળ ને આગળ વહેતું રાખજો એવી મારી ભલામણ છે. મારા વિદ્યાગુરુઓમાં વિનોબાએ મને પોતાની પાસે બેસાડીને ઘણું શીખવ્યું છે. પણ તે શીખવતી વખતે જ ઠપકો આપતા હોય એવા તીખા અવાજમાં એમણે મને કહેલું કે 'રોજ રોજ હું ભણાવતો રહું અને તું ભણ્યા કરે એ નહીં ચાલે. શિક્ષકનું કામ તો ભણવાની રીત શીખવવાનું છે. પછી વિદ્યાર્થીએ જાતે જ ભણી લેવાનું છે. વર્ગ તો એક કૂંડાળું કહેવાય. એ સીમિત હોય છે. જ્યારે સમાજ અને દુનિયામાં વિશાળ ભણતર પથરાયેલું છે. જિજ્ઞાસા પેદા કરવી, શીખવાની ભૂખ જગાડવી એ અધ્યાપકનું કામ છે.'

ખરેખર, વિનોબાએ મને જે પુસ્તકો ભણાવ્યાં તે અર્ધેથી જ બંધ કર્યાં. અને કહ્યું, 'હવે પોતાની મહેનતે આગળ ચાલજે.' આ નિયમ અહીં પ્રાપ્ત કરેલી વિદ્યાઓને પણ લાગુ પડે છે. એટલે અહીં ગુરુજનો પાસે શીખેલું અહીંથી ગયા પછી સવાયું-દોઢું કરવાનો સતત પ્રયત્ન કરતા રહેવું જોઈએ.

## ખાદી એ જીવન જીવવાની રીત છે

કેળવણીની આ સ્પષ્ટતા સાથે ખાદી અંગે પણ જરૂરી ચોખવટ કરવી આવશ્યક છે. ખાદી એ કેવળ કપડું નથી, જીવન જીવવાની રીત છે. વ્યક્તિ અને સમાજ એ બંનેની સુવ્યવસ્થિત ગૂંથણી છે. આપણા એક ભજનમાં કહેલું છે, 'પય ઓથે જેમ ઘૃત રહ્યું છે, તલ ઓથે જેમ તેલ. કહે નરભો રઘુવર સઘળે એવા એના ખેલ'. ખાદીનો ખેલ પણ એવો છે. બાપુજી કહેતા, 'હું કાંતું છું ત્યારે તાંતણે તાંતણે મને રામ દેખાય છે.' મને લાગતું કે બાપુજીની પોતાની ભાવનાનો એ આભાસ છે. બહુ મોડેથી અનુભવમાં આવ્યું કે કાંતણ, પીંજણ, વણાટ પળેપળની જાગૃતિ માગી લે છે. કર્મેન્દ્રિયો તેમ જ જ્ઞાનેન્દ્રિયોનો સતત ઉપયોગ એમાં જરૂરી છે.

## કાંતણની મૂળદૃષ્ટિ

બાપુજીએ રેંટિયો સુધારવા માટે એક લાખ રૂપિયાનું ઇનામ જાહેર કરેલું.[૧૯૨૯][૧] એટલે આખા દેશમાંથી જાત જાતના નવા પ્રયોગવાળા રેંટિયા આશ્રમમાં કસોટી માટે આવતા. મને રસ હતો એટલે હું એ રેંટિયાઓ ઉપર કાંતી જોવાનો પ્રયત્ન કરતો. પણ એકે રેંટિયો ફાવ્યો નહીં. બાપુજીની કસોટીમાં પાર ન ઊતર્યો …

૧. રેંટિયો અને ખાદીમાં થયેલાં સંશોધનો માટે જુઓ. … 'ખાદીયાત્રા: વિપ્લવથી વર્તમાન સુધી'. સપ્ટેમ્બર, ૨૦૧૫

આ નિષ્ફળતાનો ખેદ મને સતાવતો હતો. હું જાતે વિજ્ઞાનનો જરાયે જાણકાર ન હતો. છતાં વધારે કેમ કંતાય એનો પ્રયત્ન કર્યા કરતો. મારા ધ્યાનમાં આવ્યું કે કાંતવાની સાથે સાથે આપોઆપ વીંટાતું જાય એ દૃષ્ટિથી બધા પ્રયોગો ચાલે છે. તેથી નાનકડી ત્રાક પર યંત્રનો બોજો વધી જાય છે. એટલે સ્વયંસંચાલિત વીંટવાનું જતું કરી કાંતણ વધારવું જોઈએ.

આવુ વિચારતાં વિચારતાં મને સૂઝયું કે એક હાથની ચપટી વડે કાંતીએ છીએ, વીંટીએ છીએ, તેમ બે હાથની ચપટી વડે કરી જોવું જોઈએ. ભગવાને આપણને બે અંગૂઠા તો આપ્યા જ છે. આ દૃષ્ટિએ મેં નવો પ્રયોગ અજમાવ્યો. પગથી રેંટિયો ચલાવી બે હાથે કાંતવાનું શરૂ કર્યું. બાપુજીએ મને એ પ્રયોગમાં પ્રોત્સાહન આપ્યું. એ રેંટિયાનું નામ 'મગન રેંટિયો' પાડ્યું. એક વાર સ્વામી આનંદને બાપુજીએ કહેલું કે

> ચઢિયાતી અને ટકાઉ ખાદી પર બાપુએ ભાર મૂક્યો છે. એનો મનગમતો અર્થ કરીએ એ ખોટું છે. ઘરના ખેતરમાં ઊગેલા કપાસના બનેલા ધોતિયાની સરખામણીમાં કોશેટા ઉકાળી તેના રેશમ વડે બનાવેલું રેશમી ધોતિયું બમણું ટકે તોયે એને ચઢિયાતી ખાદી ન કહી શકાય. તેમ યંત્રો વડે બનેલાં કૃત્રિમ રેયોન, ટેરિકોટન, પૉલિયેસ્ટર વગેરેને ખાદીમાં ખપાવા બેસીએ એ અવળી બુદ્ધિ ગણાય. કેમ કે એમાં વપરાતી મૂળ કાચી સામગ્રી ગ્રામવાસીના કબજાની વાત નથી રહેતી. ઊલટી તે દ્વારા શોષણની પરંપરા સર્જાય છે

અત્યાર સુધીના સુધારેલા રેંટિયાઓમાં પ્રભુદાસના રેંટિયાને હું ચઢિયાતો ગણું છું.

## આંગળાંનું ચૈતન્ય એળે ન જવા દઈએ

આ પ્રસંગ મેં એટલા માટે કહ્યો કે ખાદીનું મૂળતત્ત્વ સમજાય. માણસનું શરીર કુદરતે બનાવેલું ઘણું વ્યવસ્થિત યંત્ર છે. માણસનાં આંગળાં અને હથેળીના જ્ઞાનતંતુઓની ચેતના અસાધારણ છે. હથોડા અને કુહાડી વાપરવાનું સામર્થ્ય જે હાથમાં છે તે જ હાથનાં આંગળાં દસવીસ ગ્રામ જેટલા રૂ-સૂતરનું વજન પારખી લઈ શકે છે. ઝીણી પીંછીથી અદ્‌ભુત રંગોનું ચિત્ર બનાવે છે. નાનકડી સોયથી ભવ્ય સીવણ–ગૂંથણ કરે છે. બસોત્રણસો અંક સુધીનું સૂતર કાંતી શકે છે. જો દેશમાં વહેતી નદીઓનું પાણી સમુદ્રમાં નકામું જવા દઈએ તો મૂર્ખતા કહેવાય. તેમ આપણા દેશના કરોડો હાથોનાં આંગળાંનું ચૈતન્ય નકામું જવા દઈએ એ અબુદ્ધિ નથી તો બીજું શું છે?

## તો ઢોર ને માણસમાં ફેર શો?

શિયાળાના દિવસોમાં સરસ તડકો હતો. બાપુ સાથે ફરવા જવાનો લાભ મને મળ્યો હતો.

ચાલતાં ચાલતાં તેઓ બોલ્યા, 'હિંદુસ્તાન કેટલો બધો ભાગ્યશાળી દેશ છે. એની ધરતી પર આકાશમાંથી કાચું સોનું વરસ્યાં જ કરે છે. આપણને એનો લાભ લેતાં નથી આવડતો. ગામેગામ કપાસ થાય છે. આ કપાસમાંથી આંગળીઓ વાપરી ઘેરે ઘેરે કપડું ન બનાવી લઈએ એ કેવું ભારે અજ્ઞાન છે! ખેડૂતોએ આંગળાંની કળા જેટલી વધારાય એટલી વધારવી જોઈએ. હાથ વાપરવાનું આળસ કરે તો બળદમાં અને માણસમાં ફેર શું? જેવો ખેડૂતનો બળદ એવો એ પોતે. દરેક ઝૂંપડે કાચા માલમાંથી ઉપયોગી વસ્તુ બનાવવાનો ઉદ્યમ કરોડો સ્ત્રીપુરુષોએ કરવો જોઈએ તો જ દારિદ્ર મટવાનું છે.' આ હતું બાપુનું મનોમંથન

## કેળવણીનું પોત

ખાદીવિદ્યાની ચર્ચા ન લંબાવતાં હું અહીં બાપુના કેટલાક ઉદ્‌ગારો દર્શાવું જેમાં પ્રકાશ મળે છે કે, 'કેળવણીનું ખરું પોત ખાદીધર્મમાં સમાયેલું છે, અને જેમાં કેળવણી નથી તે ખાદી નથી.'

બેંગલોરમાં ત્રણ જુલાઈ '૨૭ના રોજ ખાદી પ્રદર્શનનું ઉદ્‌ઘાટન ગાંધીજીએ કર્યું. તે પ્રસંગે બોલતાં એમણે કહ્યું કે 'ચરખો આર્થિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક સાધન છે. આપણામાં ખાદીભાવના હોય તો આપણે જીવનના હરેક ક્ષેત્રમાં સાદાઈ દાખલ કરવી જોઈએ. ખાદી-ભાવના એટલે અખૂટ ધીરજ, અખૂટ શ્રદ્ધા, પ્રાણીમાત્ર પ્રત્યે પ્રેમભાવ.

'બાળકને અક્ષરજ્ઞાન મળે એ પહેલાં એને ખાવાનું અને કપડાં મળવાં જોઈએ. જે લોકોને ખાવાનાં ફાંફાં છે તેમની પાસે આ જમાનાની પ્રગતિની વાતો કરો છો? તેમની આગળ આપણે ઈશ્વર વિશે કાંઈ બોલીએ તો એ લોકો તમને અને મને રાક્ષસ સમજશે. તેથી હું જરૂર એવો દાવો કરું છું કે ચરખો સાર્વત્રિક બને તો એમાંથી ભૂખમરો નાબૂદ થશે. મોટાં કારખાનાંઓનું નહીં પણ ગ્રામીણ અર્થશાસ્ત્રનું પદ્ધતિસર જ્ઞાન લોકોને આપવાની જરૂર છે. એનું બીજું નામ ધાર્મિક અર્થશાસ્ત્ર. એમાં ગરીબને પ્રથમ સ્થાન છે. ગરીબીનું નિવારણ રહેલું છે. એનું વિરોધી અર્થશાસ્ત્ર તે રાક્ષસી કે શેતાની કહી શકાય. એ અર્થશાસ્ત્ર કરોડો રૂપિયા કરોડોમાં વહેંચવાને બદલે એકને અથવા ખોબા જેટલાં માણસોને અપાવે છે.

'ગમે એવી સારી મિલ હોય તે ગરીબી અને બેકારીનો પ્રશ્ન શી રીતે ઉકેલી શકે? ખાદીની કલ્પના કંઈ મજૂરોની ખરાબ દશામાંથી ઉત્પન્ન નથી થયેલી. ગરીબોને કામ મળે એ જ વિચાર પર એનો આધાર છે.'

> 'આપણે એવું ગોઠવવું જોઈએ જેથી ગામડાંનાં અર્ધભૂખ્યાં નાનાં નાનાં ભૂલકાંઓને સવારના પહોરમાં પોષણવાળો ખોરાક મળી રહે. તું વિચાર કર કે નાના ઝૂંપડાં પાસે ઊગેલા કપાસના છોડમાંથી કપાસ લઈ ઘરમાં સૂતર કાંત્યું છે. તે આંટી લઈને સવારે તારી પાસે આવે છે. એ વખતે એ સૂતર લઈને એને મજાનો લાડવો કે સુખડીનું ચકતું આપે તો તે કેટલો રાજી થઈ જાય!' સૂતર વડે જીવનજરૂરિયાતો મળી રહે એવી દુકાન પણ ખાદીસેવકે ચલાવવી જોઈએ

## ખાદી અર્થશાસ્ત્રમાં માનવધર્મ

'કેટલાક લોકો મહેરબાની ખાતર ખાદીને આશરો આપવાની વાત કરે છે. પણ એ શબ્દોમાં ખરાબ ધ્વનિ રહેલો છે. ખાદીને તમે જ્યાં સુધી આશરો આપો છો ત્યાં સુધી એ એક ફૅશન જ રહે છે. પણ જ્યારે એને એના વિશે અનુરાગ ઉત્પન્ન થશે ત્યારે એ સેવાનું પ્રતીક બનશે. પણ આટલેથી ખાદી ટકવાની નથી. ખાદીને જીવન અર્પણ કરનારા સેવકો શુદ્ધજીવન વિશે નિરંતર જાગ્રત નહીં રહે તો લોકોને ખાદી અકારી થઈ પડવાની છે. વળી, ખાદી લોકોની દેશભક્તિ ઉપર લાંબો કાળ ન નભી શકે. ખાદી બીજા કાપડ કરતાં ચડિયાતી બનશે તો જ ટકવાની છે.'

## ટૅક્નૉલૉજી અપનાવીએ, પણ…

ચઢિયાતી અને ટકાઉ ખાદી પર બાપુએ ભાર મૂક્યો છે. એનો મનગમતો અર્થ કરીએ એ ખોટું છે. ઘરના ખેતરમાં ઊગેલા કપાસના બનેલા ધોતિયાની સરખામણીમાં કોશેટા ઉકાળી તેના રેશમ વડે બનાવેલું રેશમી ધોતિયું બમણું ટકે તોયે એને ચઢિયાતી ખાદી ન કહી શકાય. તેમ યંત્રો વડે બનેલાં કૃત્રિમ રેયોન, ટેરિકોટન, પૉલિયેસ્ટર વગેરેને ખાદીમાં ખપાવા બેસીએ એ અવળી બુદ્ધિ ગણાય. કેમ કે એમાં વપરાતી મૂળ કાચી સામગ્રી ગ્રામવાસીના કબજાની વાત નથી રહેતી. ઊલટી તે દ્વારા શોષણની પરંપરા સર્જાય છે. ખાદી ટકાઉ બને એ દૃષ્ટિએ બાપુજી સેવાગ્રામના છેલ્લા દિવસોમાં પોતાના સૂતરને બેવડું કરીને ઠરડીને દુબટા કરી લેતા, જેથી કપડું મજબૂત બને. બાપુજીએ ખાદી-ધર્મ સમજાવતાં કહ્યું છે કે જે અર્થશાસ્ત્રને ધાર્મિક અથવા આધ્યાત્મિક બાબતોમાં ઘટાવી શકાય તે જ અર્થશાસ્ત્રનું કંઈકે મૂલ્ય છે. આમાં ચૂસણ-નીતિને સ્થાન નથી. ગુલામોની માલિકીને સ્થાન નથી, પછી ભલે એ ગુલામી મનુષ્યની હોય, જાનવરની હોય કે સંચાકામની હોય. મિલનું સૂતર વણવાને પ્રોત્સાહન આપવાની માગણી કરનારને એમણે સમજાવ્યું કે આમ કરવાથી હાથસાળનો ઉદ્યોગ વધુ મજબૂત નહીં બને, ઊલટો વિનાશ જ નોતરશે. કારણ કે જે દશા હાથકંતામણના ઉદ્યોગની થઈ છે તે દશા હાથવણાટના ઉદ્યોગની પણ થશે એ ચોક્કસ છે.

બાપુજીએ સૂચવેલા ગ્રામીણ અને ધાર્મિક અર્થશાસ્ત્રના સમર્થ ભાષ્યકાર જે. સી. કુમારપ્પાએ મને વાતચીતમાં એક વાર કહ્યું કે, ‘આપણે એવું ગોઠવવું જોઈએ જેથી ગામડાંનાં અર્ધભૂખ્યાં નાનાં નાનાં ભૂલકાંઓને સવારના પહોરમાં પોષણવાળો ખોરાક મળી રહે. તું વિચાર કર કે નાના ઝૂંપડાં પાસે ઊગેલા કપાસના છોડમાંથી કપાસ લઈ ઘરમાં સૂતર કાંત્યું છે. તે આંટી લઈને સવારે તારી પાસે આવે છે. એ વખતે એ સૂતર લઈને એને મજાનો લાડવો કે સુખડીનું ચકતું આપે તો તે કેટલો રાજી થઈ જાય!’ સૂતર વડે જીવનજરૂરિયાતો મળી રહે એવી દુકાન પણ ખાદીસેવકે ચલાવવી જોઈએ.

## ખાદીની રીત ન્યારી છે

જે વખતે અમદાવાદમાં આશ્રમ કાઢવાનું બાપુએ ઠરાવ્યું તે વખતે સમજણ પડતી ન હતી કે જ્યાં મિલોનાં ભૂંગળાંઓ ધુમાડાથી આકાશ ભરી દે છે અને શેઠિયા તથા વેપારીઓની જ્યાં આખો દિવસ ધમાલ ચાલ્યાં કરે છે, તેવું સ્થળ બાપુજીએ શું જોઈને પસંદ કર્યું હશે? ધીમે ધીમે અમારા આશ્રમમાં સ્વદેશી અને પછી ખાદીનું કામ વિકસ્યું ત્યારે સમજાયું કે ઊંડા વિચારથી બાપુજીએ અહીં થાણું નાખ્યું છે. બજારની ધમાલ, વેપારધંધાની ખટપટ, મિલમજૂરોની અવદશા એ બધાથી ખાદી નિરાળી રહે છે. યોગીઓ માટે પણ કઠણ ગણાતાં સત્ય, અહિંસા વગેરે વ્રતો ખાદીકામ વડે જીવનમાં આપોઆપ કેળવાતાં જાય છે. ગ્રાહકને માલ આપવામાં લગીરે નુકસાન ન પહોંચે એ માટે ખાદી-કાર્યકર્તાએ પૂરેપૂરા જાગ્રત રહેવાનું હોય છે, માપતોલમાં કે કિંમતમાં ઘસારો ખાદીમાં ન જ આપી શકાય. ‘નહીં નફો, નહીં નુકસાન’ એ ધોરણે ખાદી-ઉત્પાદન અને વેચાણ ચલાવવાનું બાપુજીએ શિક્ષણ આપ્યું છે અને પાકો આગ્રહ રાખ્યો છે.

કારીગરોને પણ ઘસારો ન પહોંચે, એમનું શોષણ ન થાય એ હેતુથી બાપુજીએ કાંતનારને 'જીવન-વેતન' આપવાનું ઠરાવ્યું. જે સૂતરનું કંતામણ ચાર પૈસા અપાતું હતું તેના પૂરા આઠ આના આપવાનો આગ્રહ બાપુજીએ કર્યો એ નાનીસૂની ક્રાંતિ નથી. એ ક્રાંતિએ પહોંચવાને હજી ઘણું ઘણું કરવાનું છે. જેટલી રોજી સુથાર-કડિયાને અપાય, મુકાદમ-મહેતાજીને અપાય તેમ જ દુકાનદાર, દાક્તર, વકીલ રોજ જેટલું રળે એટલું વળતર પીંજનાર-કાંતનારને મળે એ જીવન-વેતનનો લક્ષ્યાંક બાપુજીએ સ્થાપ્યો છે. આ વિશે શેઠ શ્રી જમનાલાલજી જોડે મેં ચર્ચા કરેલી ત્યારે તેઓ ભાવવિભોર બની ગયા અને બોલ્યા, 'જો ભાઈ, બાપુજીએ આ પ્રકાશ આપ્યો છે. એને એક હજાર વર્ષે પણ આપણે સફળ બનાવીએ તો એટલી એક જ વાતે તેઓ મહાત્મા સિદ્ધ થશે. આ બાપુનું ભવ્ય દર્શન છે. આપણે એ દિશામાં બનતો પ્રયત્ન કરવો જોઈએ.'

[સૌજન્યઃ *ગ્રામનિર્માણ*, મે ૧૯૮૧]

❒

## નવજીવનનો અક્ષરદેહ

## વાચકની લાગણી, ગ્રાહકની નિયમિતતા

આજે, 'નવજીવનનો અક્ષરદેહ'નો એપ્રિલ ૨૦૧૬નો અંક મળ્યો. ૧૨૧મા પાના પરની વિશેષ નોંધ તેમજ લવાજમ માટેની સૂચના વાંચ્યા પછી તે આપેલા નમૂના મુજબ કવરને ફરીથી જોયું અને સમજાયું કે નામની પાછળ [કૌંસમાં] ૩-૧૬ છે. આ સાથે લવાજમનો ચેક મોકલું છું. …

આજીવન લવાજમની વ્યવસ્થા હજી વિચારાઈ નથી એમ જણાય છે. તે ગોઠવાય તો પછી આજીવન લવાજમ ભરવાનું વધુ પસંદ કરું—જેથી દર વર્ષે રીમાઇન્ડરની જરૂર નહીં.

અંક વિશેના પ્રતિભાવ મળતા જ હશે. શ્રી અનિલભાઈ ભટ્ટ વિશેનો લેખ વાંચતા સ્મરણો વધુ જાગ્રત થયાં. કારણ, લોકભારતીમાં કામ કરવાની તક મને શ્રી મનુભાઈ પંચોળીના ગાળા દરમિયાન મળી હતી. પૂ. મૂળશંકરભાઈનો સત્સંગ પણ ખરો જ. આમ તો કુમુદભાઈ ઠાકર, મનસુખભાઈ સલ્લા… સૌ કાર્યકર્તાઓ સાથે પરિચય થયો છે અને તેમનો સંપર્ક રહે છે.

અક્ષરદેહ નવજાગૃતિનું કામ કરે છે. પૂ. ગાંધીજીની સાધનાના અનેક પાસાઓનો પરિચય સાંપડે છે. બાપુની હયાતિ વખતે હું ઘણી નાની, છતાં અમારા પૂ. પિતાશ્રીને કારણે બાપુ પ્રત્યેનું આકર્ષણ ઘણું છે. એમનાં સાહિત્યનો સત્સંગ કરવાની તક મળે છે તેને અહોભાગ્ય સમજું છું.

નવજીવનને આધુનિકતાથી શણગારવા આપ સૌ જુદાં જુદાં કાર્યક્રમો હાથ ધરો છો જેથી યુવા પેઢીને વધુ જાગ્રત કરવાનું ને બાપુને વધુ સમજવામાં મદદરૂપ થવાનું બહુ જ જરૂરી કામ થાય છે.

'શાશ્વત ગાંધી' પણ મને સમૃદ્ધ કરે છે અને નવજીવન મને નવજીવન બક્ષે છે. બાકી, … ભૂમિપુત્ર મારી નિત્ય અભ્યાસ પ્રવૃત્તિ છે. [ટૂંકાવીને]

**ચંદ્રિકા મુનિમ,** મુંબઈ-૪૦૦૦૫૪

મારું 'નવજીવનનો અક્ષરદેહ'નું લવાજમ માર્ચ ૨૦૧૬માં પૂર્ણ થઈ ગયેલ છે. આ સાથે નવીન ત્રણ વર્ષ માટે ₹ ૪૫૦/- અંકે રૂપિયા ચારસો પચાસનો ક્રોસ્ડ ચેક … આ સાથે મોકલી આપેલ છે.

લવાજમ પૂર્ણ થયાની જાણ ગ્રાહકને સરળતાથી થઈ જાય તેવી સુવિધા રેપરના સરનામા ઉપર કરી છે જે ઘણી જ ગમી. મેં આ સાથે રેપરની ઝેરોક્ષ [રીન્યૂઅલની સરળતા માટે] જાણ સારુ મોકલી છે. [ટૂંકાવીને]


**અમૂલ એસ. વ્યાસ,** મુ. પો. સઈજ, તા. કલોલ

# ઍલ્બર્ટ આઇન્સ્ટાઈન

**મગનભાઈ દેસાઈ**

***ગણિત-વિજ્ઞાનના રસિકો ઍલ્બર્ટ આઇન્સ્ટાઈનને તેમના સાપેક્ષવાદના સિદ્ધાંતથી વધુ યાદ કરે છે તો ગાંધીમાં રસ લેનારા આઇન્સ્ટાઈનને તેમણે ગાંધીજીને આપેલી એ ભવ્ય શબ્દાંજલિથી વધુ યાદ કરે છે, પરંતુ એ ઉપરાંતના આઇન્સ્ટાઈન પણ ઓછા સ્મરણીય નથી. ઈન્ટરનેટ અને સોશિયલ મીડિયાના સહેજેય અણસાર પહેલાં, છેક ૧૯૫૫માં, આઇન્સ્ટાઈનના અવસાનના સાતમા જ દિવસે 'હરિજનબંધુ'ના તત્કાલીન તંત્રી મગનભાઈ દેસાઈએ એ પત્રમાં આઇન્સ્ટાઈનને અર્પેલી અંજલિ હૃદયસ્પર્શી બની રહે છે...***

**ડૉ.** ઍલ્બર્ટ આઇન્સ્ટાઈન ગઈ ૧૮મી એપ્રિલે પોતાના અપનાવેલા નગર પ્રિન્સ્ટનમાં (ન્યૂજર્સી, યુનાઇટેડ સ્ટેટ્સ) દવાખાનામાં અવસાન પામ્યા. તેઓ દુનિયાના સૌથી મહાન ગણિતશાસ્ત્રી અને પદાર્થવિજ્ઞાનવેત્તા હતા. માંદગીને કારણે, થોડા જ દિવસ અગાઉ એ મહાન પંડિત દવાખાનામાં દાખલ થયા હતા. દાક્તરોની માન્યતા પ્રમાણે તેમની માંદગી બહુ ગંભીર પ્રકારની નહોતી. એથી કરીને એમનું અવસાન બહુ જ અણધાર્યું હતું, તેમના મિત્રોને પણ એની ખબર નહોતી. કહે છે કે, એમના અવસાન વખતે માત્ર એક નર્સ જ ત્યાં હાજર હતી. એ વખતે તેમની પુત્રી એ જ દવાખાનાના બીજા એક ભાગમાં હતી અને સાયેટીકાના દરદનો ઉપચાર કરાવી રહી હતી. તેમના અવસાનના ઓચિંતા સમાચારથી દુનિયા આશ્ચર્યમાં ડૂબી ગઈ.



૧૪ માર્ચ ૧૮૭૯ • ૧૮ એપ્રિલ ૧૯૫૫

તેઓ ૧૮૭૯ના માર્ચની ૧૪મી તારીખે જર્મનીમાં જન્મ્યા હતા. બાળપણમાંથી જ ગણિતને માટેની પોતાની નૈસર્ગિક પ્રતિભાનું પારખું તેમણે આપ્યું હતું. પોતાના પાછળના જીવનમાં એનાથી તેમણે દુનિયાને આશ્ચર્યચકિત કરી મૂકી. તેમના આ મનગમતા વિષયના અભ્યાસમાં જ તેમણે પોતાનું આખું જીવન ગાળ્યું. ઇઝરાયેલ રાજ્યના પ્રથમ પ્રમુખ વીઝમૅનના અવસાન પછી તેના પ્રમુખ થવા માટે તેમને કરવામાં આવેલી દરખાસ્ત જેવા ભારે માનનો તેમણે એને માટે ત્યાગ કર્યો હતો. આપણે જાણીએ છીએ કે તેઓ યહૂદી હતા. હિટલરના અમલ દરમિયાન તેઓ પોતાના વતનમાં મુશ્કેલીમાં આવી પડ્યા. પોતાનું ઘરબાર તથા માલમિલકત નાઝીઓના હાથમાં સોંપીને ૧૯૩૩ની સાલમાં તેમને ત્યાંથી ભાગી છૂટવું પડ્યું. ત્યાં સુધીમાં તેઓ સાપેક્ષતાના મહાન સિદ્ધાંતના શોધક તરીકે દુનિયાભરમાં મશહૂર થઈ ચૂક્યા હતા. ૧૯૨૧માં વિજ્ઞાન માટેનું નોબેલ ઇનામ તેમને મળ્યું હતું, તથા વિજ્ઞાનના ક્ષેત્રમાં બીજાં અનેક માનમરતબો મેળવ્યાં હતાં. પણ આ બધું તેમને નાઝીઓના દમનમાંથી બચાવી શક્યું નહીં. તેમણે તેમને દેશવટો આપ્યો એટલું જ નહીં પણ તેમના માથાને માટે વીસ હજાર માર્કનું ઇનામ જાહેર કર્યું.

> લડતીઝઘડતી દુનિયા ગણિતની આ જ્વલંત કલ્પનાનો માનવજાતના સંહારના દુષ્ટ હેતુને માટે ગેરલાભ ઉઠાવવાને તત્પર થઈ ત્યારે સદૈવ તેઓ એનો વિરોધ કરતા રહ્યા અને તેમની મહાન વૈજ્ઞાનિક બુદ્ધિશક્તિની ઈશ્વરી ભેટનો, એમાં કોઈ પણ રીતે મદદ કરીને તેમણે દુરુપયોગ ન કર્યો. એ મહાન વૈજ્ઞાનિક-માનવતાવાદી પોતાની આ ઉમદા ખાસિયતને કારણે ગાંધીજી તેમ જ હિંદ પર અપાર પ્રેમ રાખતા હતા

આઇન્સ્ટાઈન કેવળ વિજ્ઞાનવેત્તા જ નહોતા. તેઓ એક મહાન માનવતાવાદી તથા માણસ માટે સ્વતંત્રતા અને સુલેહશાંતિના ચાહક હતા. માણસના ગૌરવનું નિદર્શક અને માનવને યોગ્ય પ્રગતિની એકમાત્ર બાંયધરી સમાન વ્યક્તિસ્વાતંત્ર્યના તેઓ ચાહક હતા. આવી જાતની સ્વતંત્રતાની જરૂર વિશે તેઓ એટલા બધા ઉત્સુક હતા કે, 'જ્યાં સુધી મારા હાથમાં પસંદગી કરવાની હોય ત્યાં સુધી જ્યાં આગળ રાજકીય સ્વતંત્રતા, સહિષ્ણુતા અને કાયદા સમક્ષ સઘળા નાગરિકોની સમાનતા વર્તતાં હોય એવા દેશમાં જ રહીશ.' એવું તેમણે એક વાર કહ્યું હતું. હમણાં થોડા સમયથી યુનાઇટેડ સ્ટેટ્સમાં સામ્યવાદ વિરોધી ઝનૂની આંદોલન ચાલી રહ્યું છે ત્યારે આપણે જર્મનીના એ મહાન નિર્વાસિતને તેની સામે પોતાનો અવાજ ઉઠાવતા અને પોતાની પ્રામાણિક માન્યતાને કારણે જેમનું દમન કરવામાં આવતું હતું તેમની પડખે ઊભા રહેતા જોયા હતા. જીવન પ્રત્યે તેમને ભક્તિ હતી અને અજ્ઞેયવાદી હોવા છતાં તેઓ નમ્ર અને ભાવનાશીલ હતા અને પરમતત્ત્વમાં માનતા હતા. પોતાના વિજ્ઞાનના અભ્યાસથી તેઓ એ માન્યતા તરફ પ્રેરાયા હતા. ભૌતિક સૃષ્ટિના પાયાના સંશોધન જેટલા જ એ વિચારો મૌલિક હતા. આ વિશાળ સંશોધન માટેનું તેમનું સાધન શુદ્ધ ગણિત હતું. અને સ્થળ અને કાળનાં ત્રણ પરિમાણોમાં એકસાથે આપણને વર્તતાં દેખાતાં માલ અને શક્તિના સ્વરૂપને વિશે તેમણે એક સૂત્ર [e=mc૨] આપણને આપ્યું. એક જ સર્વસ્પર્શી વિશાળ કલ્પનામાં સમગ્ર દૃશ્ય જગતને – માલ, શક્તિ, જડતા, ગતિ, સ્થળ અને કાળ વગેરે – અભ્યાસના એક જ સમગ્ર વિષય તરીકે તેમણે સમેટી લીધું અને ભૌતિક જગતનો એક સાંગોપાંગ સિદ્ધાંત [માલ-શક્તિ-સંબંધ, Mass Energy Equivalence], તેની ભૂમિતિ અને તેનું પદાર્થવિજ્ઞાન આપણને આપ્યાં. હિંદનાં સાંખ્યો અને વૈશેષિકોનાં કાર્ય સાથે તુલના કરી શકાય એવું તેમનું એ કાર્ય હતું. સાંખ્યો તથા વૈશેષિકોએ ભૌતિક સૃષ્ટિનું પૃથક્કરણ કરીને તેનું મૂળભૂત તત્ત્વોમાં વર્ગીકરણ કર્યું અને છેલ્લે જેનો પાર પામી ન શકાય એવા પરમતત્ત્વનું સૂચન કરીને તેઓ અટક્યા. પોતાના ઊંડા અનુભવો આઇન્સ્ટાઈને નીચે પ્રમાણે વર્ણવ્યા છે:

> આપણો સૌથી સુંદર અને સૌથી ઊંડો અનુભવ ગહનતાનો અનુભવ છે. સઘળા સાચા વિજ્ઞાનની પાછળ રહેલું એ બળ છે. એવા પ્રકારની ભાવનાના અનુભવથી જે અજાણ છે, જે આશ્ચર્યચકિત થઈ શકતો નથી તે મૃતપ્રાય છે. આપણે માટે જે અકળ છે તેની ખરેખર હસ્તી છે, સર્વોચ્ચ પ્રજ્ઞા તરીકે, આપણી પ્રાકૃત જ્ઞાનેન્દ્રિયો જેને તેના અતિશય પ્રાકૃત સ્વરૂપમાં જ ગ્રહણ કરી શકે એવા પરમ, ઉજ્જ્વળ સૌંદર્ય તરીકે તે વ્યક્ત થાય છે એમ જાણવું – આ જ્ઞાન, આ ભાવના સાચી ધાર્મિકતાના મૂળમાં રહેલી હોય છે.

એથી કરીને એક વખત તેમણે જાહેર કર્યું હતું કે,

> વિશ્વસ્પર્શી ધર્માનુભવ એ વિજ્ઞાનના સંશોધક માટેનું સૌથી સબળ અને સૌથી ઉમદા પ્રેરક બળ છે. આપણા દુર્બળ અને ક્ષુલ્લક ચિત્ત દ્વારા જે

આપણે કળી શકીએ છીએ તે નાની નાની વિગતોમાં પોતાને વ્યક્ત કરતા અપરિમિત ચૈતન્ય પરત્વેનો નમ્રતાપૂર્વકનો ભક્તિભાવ એ મારો ધર્મ છે. અગમઅગોચર વિશ્વમાં વ્યક્ત થતી ઉચ્ચતર ચિત્તશક્તિની હસ્તી વિશેની ઊંડી શ્રદ્ધા એ મારી ઈશ્વર વિશેની કલ્પના છે.

એથી કરીને તેમણે કહ્યું છે:

હું માનવમાત્રના એકરાગમાં વ્યક્ત થતા સ્પિનોઝાના ઈશ્વરમાં માનું છું; માણસનાં કર્મો અને તેના ભાવિની ચિંતા કરનાર ઈશ્વરમાં નહીં.

પરમતત્ત્વ તેમ જ આપણી હસ્તીના સાક્ષાત્ સ્વાનુભવને કારણે જ એ મહાન વિજ્ઞાનશાસ્ત્રી માનવજાતના તથા આ ધરતી પર સુલેહશાંતિના ચાહક બનવાને પ્રેરાયા હતા.

દુનિયા જાણે છે કે, માલ-શક્તિ-સંબંધના તેમના ગણિતના સૂત્ર દ્વારા જ, પરમાણુને ભેદી શકાય એવો જ્વલંત તર્ક—ના, એવી ખાતરીપૂર્વકની આગાહી કરવાને, તેઓ પ્રેરાયા હતા. પરંતુ તેઓ એ દિશામાં એથી આગળ ન વધ્યા. અને લડતીઝઘડતી દુનિયા ગણિતની આ જ્વલંત કલ્પનાનો માનવજાતના સંહારના દુષ્ટ હેતુને માટે ગેરલાભ ઉઠાવવાને તત્પર થઈ ત્યારે સદૈવ તેઓ એનો વિરોધ કરતા રહ્યા અને તેમની મહાન વૈજ્ઞાનિક બુદ્ધિશક્તિની ઈશ્વરી ભેટનો, એમાં કોઈ પણ રીતે મદદ કરીને તેમણે દુરુપયોગ ન કર્યો. એ મહાન વૈજ્ઞાનિક-માનવતાવાદી પોતાની આ ઉમદા ખાસિયતને કારણે ગાંધીજી તેમ જ હિંદ પર અપાર પ્રેમ રાખતા હતા. ગાંધીજીના નિર્વાણ પછી તેમણે જે હૃદયસ્પર્શી વાણીમાં તેમને અંજલિ આપી હતી તે

## આઇન્સટાઇન અને ગાંધીજી પત્રવ્યવહાર

### એલ્બર્ટ આઇન્સટાઈનને પત્ર

લંડન,
ઓક્ટોબર ૧૮, ૧૯૩૧

પ્રિય ભાઈ,

સુંદરમ્ મારફતે મોકલેલો આપનો સુંદર પત્ર મળતાં આનંદ થયો. હું જે કામ કરી રહ્યો છું તેને આપનો ટેકો છે એ જાણીને મને ખૂબ સાંત્વન મળ્યું. આપણે બંને રૂબરૂ મળી શકીએ અને તે પણ હિંદુસ્તાનમાં, મારા આશ્રમમાં એવું હું જરૂર ઇચ્છું છું.

આપનો સહૃદયી
મો. ક. ગાંધી

---

### મો. ક. ગાંધીને પત્ર

આઇન્સટાઈનના ૨૭ સપ્ટેમ્બરના નીચેના પત્રના જવાબમાં આ લખાયો હતો: હિંસાનો આશ્રય લીધા વગર પણ અમે અમારા આદર્શને પહોંચી શકીએ છીએ એમ આપે, આપે જે કંઈ કર્યું છે તેનાથી બતાવી આપ્યું છે. અહિંસક રીતે અમે હિંસાનો આશ્રય લેનાર પર જીત મેળવી શકીએ છીએ. આપનો દાખલો જગતને શાંતિથી ખાતરી આપતી આંતરરાષ્ટ્રીય સહાય અને સહકારથી, હિંસા પર આધારિત લડતનો અંત લાવવાની માનવજાતને પ્રેરણા અને મદદ આપશે.

મારી ભક્તિ અને સન્માનની આ અભિવ્યક્તિ સાથે હું ઇચ્છું છું કે આપને રૂબરૂ મળી શકું.

[*ગાંધીજીનો અક્ષરદેહ*, ૪૮:૧૮૯]

આપણે જાણીએ છીએ. શાંતિ માટેના જવાહરલાલજીના કાર્યની તેઓ ઊંડી કદર કરતા હતા અને એમાં તેમને સફળતા મળે એમ ઇચ્છતા હતા. તેઓ સાચા જ્ઞાની હતા, આડંબરમાત્રને તેઓ ટાળતા હતા અને વિશ્વના સ્વરૂપ તથા તેનાં ગહન રહસ્યોના ઊંડા ચિંતનમાં સતત નિમગ્ન રહીને સાદું જીવન જીવતા હતા. એ રીતે તેમણે દુનિયાને જણાવ્યું કે પ્રકૃતિએ અદ્ભુત પરમાણુમાં પૂરી રાખેલી અપાર શક્તિ મુક્ત કરી શકાય છે. હિંદુ પત્રમાં (એપ્રિલ ૨૦, ૧૯૫૫) એક લેખક જણાવે છે તેમ,

> મહાત્મા ગાંધીના જેટલા જ ઉત્કટ શાંતિવાદી આઇન્સ્ટાઈન જીવલેણ અણુબૉમ્બ બનાવવાનું ચક્ર ગતિમાન કરવામાં જવાબદાર બન્યા એ વિચિત્રતા જ છે. ૧૯૩૯ના ઑગસ્ટમાં પ્રેસિડન્ટ રુઝવેલ્ટ પર લખેલા પત્રમાં તેમણે એવી ચેતવણી આપી હતી કે, પરમાણુ અંગેનું સંશોધન અણુબૉમ્બ બનાવી શકાય એટલી હદે પહોંચ્યું છે અને એ ક્ષેત્રમાં જર્મની બીજાઓથી એટલું બધું આગળ છે કે, નાઝીઓ થોડા જ વખતમાં એવો બૉમ્બ તૈયાર કરી શકશે. એ પત્રથી રુઝવેલ્ટ કાર્ય કરવાને પ્રેરાયા અને તેમાંથી જાપાન પર નાખવામાં આવેલો અણુબૉમ્બ પરિણમ્યો. આ દિશામાં પગલાં ભરાવવામાં પોતે કારણભૂત બન્યા તેને માટે તેમ જ માનવજાતને પરમાણુનું રહસ્ય આપવા માટે આઇન્સ્ટાઈન હંમેશાં અફસોસ કરતા હતા. પરમાણુની શક્તિ માનવજાતને માટે આશીર્વાદરૂપ થવાને બદલે તેને માટે જોખમકારક થઈ પડી છે એ જોઈને તેમને ભારે આઘાત લાગ્યો હતો.

પણ એમાં તેઓ કશું કરી શકે એમ નહોતું. પરમાણુમાં રહેલી જે શક્તિનું તેમણે પ્રથમ દર્શન કર્યું હતું તે હવે આગેકૂચ કરવા લાગી હતી અને એ પાગલ દોડ આજે ચાલી રહી છે. સામાન્યપણે આખી દુનિયા અને ખાસ કરીને યુનાઇટેડ સ્ટેટ્સ પરમાણુ રહસ્યના શોધક ઇચ્છતા નહોતા તે રીતે તેનો ઉપયોગ કરવાનો ઇન્કાર કરીને જ એ પરલોકવાસી શાંતિવાદી વૈજ્ઞાનિકને અંજલિ આપી શકે. તેઓ માનતા હતા કે સામા પક્ષ તરફથી એવી અપેક્ષા રાખ્યા વિના પણ યુનાઇટેડ સ્ટેટ્સે એમ કરવું જોઈએ. રાજાજી એમ કરવાને માટે અમેરિકાના કાનમાં વ્યર્થ એની એ વાત કહ્યા કરે છે. તેમના આત્માને શાંતિ મળો.

[મૂળ અંગ્રેજી]
૨૫–૪–'૫૫

❐

## ગાંધીજી અને અન્યઃ કેટલાંક સંદર્ભ પુસ્તકો

***ગાંધીજીનું ધર્મદર્શન*** લે. મ. જો. પટેલ, પ્રકાશકઃ ગુજરાત ગ્રંથ નિર્માણ બૉર્ડ
(શ્રીમદ્ રાજચંદ્ર, હેનરી ડેવિડ થોરો, જ્હોન રસ્કિન અને કાઉન્ટ લિયો ટોલ્સ્ટોય સાથે ગાંધીજીનો પરિચય, વિચાર અને પ્રભાવ)

***આઇન્સ્ટાઈન અને ગાંધીજી*** લે. પ્રહલાદભાઈ ચુ. વૈદ્ય, પ્રકાશકઃ ગૂજરાત વિદ્યાપીઠ

***શ્રીમદ્ રાજચંદ્ર અને ગાંધીજી*** લે. મુકુલભાઈ કલાર્થી, પ્રકાશકઃ ગૂજરાત વિદ્યાપીઠ

***ગાંધીજીના સમકાલીનો*** લે. દશરથલાલ શાહ, પ્રકાશકઃ ગૂજરાત વિદ્યાપીઠ

***ગાંધીજી અને પાંચ સાક્ષરો*** લે. ધીરુભાઈ ઠાકર, પ્રકાશકઃ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ

# ગાંધીવિચારને વરેલા ઉદ્યોગપતિ ભવરલાલ જૈન

**કપિલ રાવલ**

***માણસમાત્રની પ્રવૃત્તિનું સીધું અથવા આડકતરું ધ્યેય સુખ, સમૃદ્ધિ, કીર્તિ અને શાંતિ મેળવવાનું હોય છે. બધું જ પ્રાપ્ત થયા પછી પણ માણસને પૂર્ણ સંતોષ ત્યારે જ મળે છે કે જ્યારે તેણે પોતાના સિવાય અન્ય માટે, સમાજ માટે, રાષ્ટ્ર માટે કે વિશ્વ માટે કાંઈ કર્યું હોય. સર રતનજી તાતા, ઘનશ્યામદાસ બિરલા, નારાયણમૂર્તિ, અઝિમ પ્રેમજી કે બિલ ગેટ્સ કે વૉરન બફેટ... આ યાદી લંબાવીએ એટલી ઓછી. નાનામોટા કોઈ પણ ધનપતિ કે વૈભવશાળી વ્યક્તિઓ પણ અન્યને માટે થોડું પણ કરશે ત્યારે તેમને જીવનમાં સાર્થકતાનો સંતોષ મળશે. આવા જ એક ઉદાહરણીય વ્યક્તિવિશેષ એટલે ભવરલાલ જૈન***

**મહારાષ્ટ્રના** જલગાંવ શહેરમાં ખેડૂત કુટુંબમાં ૧૯૩૭માં જન્મેલા ભવરલાલ હિરાલાલ જૈન વિશ્વમાં બીજો નંબર ધરાવતી ખેતી અને સિંચાઈનાં સાધનો, ઓજારો અને યંત્રોની કંપની—જૈન ઇરિગેશન સિસ્ટમ્સ લિ.ના સ્થાપક પ્રમુખ હતા. વાણિજ્ય અને કાયદાના સ્નાતક ભવરલાલે સરકારી વહીવટી સેવાને બદલે ખેતીવાડી ક્ષેત્રમાં ઝંપલાવી કારકિર્દી શરૂ કરી અને ધીરી તથા મક્કમ ગતિએ આગળ વધતાં આંતરરાષ્ટ્રીય સ્તરની કંપનીની સ્થાપના કરી. આ કંપનીએ જલગાંવના છેવાડે પહાડી વિસ્તાર અને તેની નજીકની લગભગ ૧૦૦૦ એકર જમીનનો વિકાસ કરી સિંચાઈ અને ખેતીવાડીને લગતાં તમામ યંત્રો, સાધનો અને સરંજામના ઉત્પાદન તથા ખરીદ-વેચાણના વિશાળ ફલક પર કામ કરતા એકમોના સમૂહ મારફત સમગ્ર ભારતમાં તથા વિશ્વના ૧૦૦થી વધુ દેશોમાં વેચાણ વ્યવસ્થા ગોઠવી છે. જૈન હિલ્સ અને જૈનવેલી તરીકે ઓળખાતા આ સમગ્ર સંકુલમાં આવેલાં તમામ એકમોમાં જે કાંઈ બિનઉપયોગી કચરો, પાંદડાં, ફળ અને ડુંગળીના પાઉડર એકમોમાંથી નીકળતાં છોતરાં, ગોટલા, વગેરે તમામનો ઉપયોગ બાયોગૅસના પ્લાન્ટમાં ગૅસ અને વીજળી મેળવવાના કામમાં થાય છે. સમગ્ર સંકુલમાં વરસાદી પાણીના સંગ્રહ માટે જળાશયની રચના કરવામાં આવી છે, જેમાં સંગ્રહેલું પાણી ઉનાળાના સમયમાં ઉપયોગમાં લેવાય છે.



૧૨ ડિસેમ્બર ૧૯૩૭ • ૨૫ ફેબ્રુઆરી ૨૦૧૬

જૈન હિલ્સમાં સિંચાઈને લગતી આધુનિક લૅબોરેટરીમાં દિવસ-રાત નિષ્ણાત વૈજ્ઞાનિકો અને સંશોધકો દ્વારા શોધો અને પદ્ધતિઓનો વિકાસ કરી તેના પ્રસાર પ્રચારથી દેશના ખેતીવાડી ક્ષેત્રના નિષ્ણાતો અને ખેડૂતોને તાલીમ અને માર્ગદર્શન પૂરાં પાડવામાં આવે છે, જેનો લાભ લઈ અનેક ખેડૂતો સમૃદ્ધ બન્યા છે. સમગ્ર દેશમાંથી ખેડૂતો અને ખેડૂતોની મંડળીઓના સભાસદો તાલીમ માટે અહીં આવે છે. તેમના રહેવા-જમવાની વ્યવસ્થા સંકુલમાં જ હોય છે. નિષ્ણાતો દ્વારા દૃશ્યશ્રાવ્ય માધ્યમોની મદદથી ખેતી તથા સિંચાઈની આધુનિક પદ્ધતિઓ અને તેની ઉપયોગિતાથી વાકેફ કરવામાં આવે છે. સંકુલમાં જ ખેતીવાડીની પ્રત્યક્ષ તાલીમની પણ વ્યવસ્થા છે.

લૅબોરેટરીમાં ખાસ માવજતથી ઉછેરેલા રોપા અને છોડ જે-તે પ્રદેશની આબોહવા અને જમીન વગેરેને ધ્યાનમાં રાખી ખેડૂતોને વાજબી દરે આપવામાં આવે



ગાંધી રિસર્ચ ફાઉન્ડેશનના પરિસરનું દૃશ્ય

છે. ભારતની ખેતીવાડીક્ષેત્રની છેલ્લા પાંચ દાયકાની પ્રગતિમાં ભવરલાલ જૈન અને તેમની કંપનીના ફાળાની નોંધ વિશ્વની આ ક્ષેત્રની અગ્રણી સંસ્થાઓએ લીધી છે, જેના ફળસ્વરૂપે ભવરલાલ જૈનને રાષ્ટ્રીય તેમ જ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રના ઍવૉર્ડ અને માનસન્માન મળ્યાં છે. ૨૦૦૮ના વર્ષમાં ભારતના પ્રતિષ્ઠિત પદ્મશ્રી ઍવૉર્ડથી ભારત સરકારે સન્માન્યા હતા. તા. ૨૫ ફેબ્રુઆરી, ૨૦૧૬ના રોજ મુંબઈની જસલોક હૉસ્પિટલ ખાતે ટૂંકી માંદગી બાદ ભવરલાલે હંમેશ માટે વિદાય લીધી છે. અહીં તેમનું સ્મરણ કરવાનું કારણ એ કે ભવરલાલ જૈન પર ગાંધીજી અને તેમના વિચારોનો પ્રભાવ શરૂથી જ હતો. કંપની સધ્ધર બની અને તેના વહીવટમાં પુત્રો પણ જોડાયા ને કાર્યભાર થોડો હળવો થયો એટલે તેમણે ગાંધીજી, ગાંધીવિચાર અને ગાંધીજીનાં કાર્યો ભવિષ્યની પેઢીઓ સુધી યાદ રહે અને આ વારસો વધુ સમૃદ્ધ બને તે માટે જૈન હિલ્સની ટેકરી પર ૮૧,૦૦૦ ચો. ફૂટના બાંધકામવાળા વિશાળ ભવનનું નિર્માણ કરી ‘ગાંધી રિસર્ચ ફાઉન્ડેશન’ની સ્થાપના કરી. જેનું ઉદ્‌ઘાટન ૨૫-૩-૨૦૧૨ના રોજ તત્કાલીન રાષ્ટ્રપતિ શ્રીમતી પ્રતિભા પાટિલના હસ્તે કરવામાં આવ્યું હતું. ચારે તરફ હરિયાળી અને ટેકરી પર વચ્ચે આવેલા ભવ્ય ભવનમાં વિશાળ ગ્રંથાલય, અભ્યાસકક્ષ, વર્ગખંડ, સભાકક્ષ અને બેનમૂન ગાંધી મ્યુઝિયમ, ગાંધીજીનાં જીવન અને કાર્યો વિશેનું પ્રદર્શન મૂકવામાં આવ્યું છે. સમગ્ર મહારાષ્ટ્રની શૈક્ષણિક સંસ્થાઓ પોતાના વિદ્યાર્થીઓને આ સ્થળની મુલાકાતે મોકલે છે. આ ઉપરાંત દેશભરમાંથી અભ્યાસજૂથો અને સંશોધકો આ સ્થળની મુલાકાત લઈ અમૂલ્ય વારસામાંથી જ્ઞાન અને પ્રેરણા મેળવે છે. સંસ્થાના કાર્યકર્તાઓ દુનિયાભરમાંથી ગાંધીજીના તેમ જ ગાંધીજી વિશેનાં પુસ્તકો, તસવીરો, લખાણો, અભ્યાસ સામગ્રી તેમ જ દુર્લભ હસ્તપ્રતો અને વસ્તુઓ મેળવી મ્યુઝિયમ અને લાઇબ્રેરીને અતિસમૃદ્ધ બનાવવાની કામગીરી સતત કરતા જ રહે છે. ખૂબ જ ટૂંકા ગાળામાં ગાંધી રિસર્ચ ફાઉન્ડેશને અદ્‌ભુત કામગીરી બજાવી છે. ભવરલાલ જૈનની ઇચ્છા આ ફાઉન્ડેશનમાં ગાંધીવિચારનું એવું કેન્દ્ર બને જ્યાં સમગ્ર વિશ્વમાંથી સંશોધકો, વિચારકો, અભ્યાસુઓ આવે અભ્યાસ કરે અને ગાંધીવિચારનો પ્રસાર થાય એ હતી, જે સાકાર થઈ રહી છે.


છેલ્લાં ત્રણ વરસથી ગાંધી રિસર્ચ ફાઉન્ડેશને ગાંધીવિચાર પ્રચાર માટે મહારાષ્ટ્રની શાળાઓ અને મહાશાળાઓમાં વિદ્યાર્થીઓ માટે પરીક્ષાઓનું આયોજન કરી તેનાં પાઠ્યપુસ્તકો તરીકે ગાંધીવિચારના પાયાનાં પુસ્તકોનું વાચન કરાવવાનું ચાલુ કર્યું છે. ધીરે ધીરે આ પ્રવૃત્તિ બીજાં રાજ્યોમાં પણ વિસ્તારવાનું તેમનું આયોજન છે.

ઔદ્યોગિક સામ્રાજ્યમાં આગળ પડતું સ્થાન ધરાવનાર અને સાથે સાથે સમાજ પ્રત્યે પોતાની ફરજો ઉમદા રીતે નિભાવનાર ભવરલાલ જૈનને નવજીવન ટ્રસ્ટ પરિવાર આદરપૂર્વક અંજલિ અર્પે છે અને તેમનાં પરિવાર અને સંસ્થા પરિવારને આ આઘાત સહન કરવાની શક્તિ આપે તેવી ઈશ્વરને પ્રાર્થના કરે છે.

ટ્રસ્ટી, નવજીવન

❐

### *મો. ક. ગાંધીનું સૌપ્રથમ છતાં છેવટના વિચારો દર્શાવતું પુસ્તકઃ* હિંદ સ્વરાજ



*હિંદ સ્વરાજ* એ મોહનદાસ કરમચંદ ગાંધીનું સૌપ્રથમ અને એ રીતે ખરેખર અદ્વિતીય પુસ્તક છે. ચાળીસ વર્ષના ગાંધીના માનસમાં મધદરિયે વિચારોનું એવું તો હાથીપૂર ઊમટયું હતું કે તેમણે જમણા અને ડાબા એમ બંને હાથનો ઉપયોગ કરીને કલમને મશાલની જેમ સતત જલતી રાખી હતી. હિંદ સ્વરાજની પ્રસ્તાવનાના પ્રારંભે જ ગાંધીએ સ્પષ્ટતા કરી છે, 'જ્યારે મારાથી નથી રહેવાયું ત્યારે જ મેં લખ્યું છે… જે મારા વિચાર છેવટના લાગ્યા તે વાંચનારની પાસે મૂકવા એ મારી ફરજ સમજ્યો.'

પોતાના સપનાના સ્વરાજ વિશેના વિચારો વ્યક્ત કરતા આ પુસ્તક વિશે મો. ક. ગાંધીએ 'યંગ ઇન્ડિયા'માં લખ્યું હતું કે 'મારા અભિપ્રાય પ્રમાણે આ ચોપડી એવી છે કે જે બાળકના હાથમાં પણ મૂકી શકાય. તે દ્વેષધર્મની જગાએ પ્રેમધર્મ શીખવે છે; હિંસાને સ્થાને આપભોગને મૂકે છે; પશુબળની સામે ટક્કર ઝીલવા આત્મબળને ખડું કરે છે. તેની અનેક આવૃત્તિઓ થઈ છે, અને જેમને તે વાંચવાની દરકાર હોય તેમને તે ખસૂસ વાંચવાની હું ભલામણ કરું છું.' સમગ્ર દુનિયામાં અસત્ય, અવિશ્વાસ, અસંતોષ, અન્યાય, અનીતિ, આસક્તિ, આળસ, અસમતુલા, અરાજકતા, અંધાધૂંધી અને આતંકવાદ વધતાં જાય છે ત્યારે મોહનદાસ કરમચંદ ગાંધીનું *હિંદ સ્વરાજ* વધુ ને વધુ પ્રસ્તુત થતું જ રહેવાનું છે.

[ઑગસ્ટ ૨૦૧૩માં અશ્વિનકુમાર લિખિત દીર્ઘ પરિચયમાંથી સંપાદિત]

[ફોર કલર ટાઇટલ, સાઇઝઃ 5×7, પાનાં 22+78, ₹30]

[ગાંધીજીના હસ્તાક્ષરમાં, હાથકાગળની વિશિષ્ટ આવૃત્તિ પણ ઉપલબ્ધ છે.]

### *આશ્રમજીવનમાં ગાંધીજીની સૂક્ષ્મ દૃષ્ટિ, સંચાલન અને વિનોદવૃત્તિ વર્ણવતાં સંસ્મરણોઃ* બાપુના આશ્રમમાં

**• લે. હરિભાઉ ઉપાધ્યાય, અનુ. બાલુભાઈ પારેખ**




એક સમયે ગાંધીજીના 'Young India'માંથી કેટલાક લેખો લઈને હિંદી સાપ્તાહિક શરૂ કરવાની મંછા રાખતા, મૂળ ઇંદોરના હરિભાઉ ઉપાધ્યાયની મુલાકાત ગાંધીજી સાથે થઈ. અને એ તેમના માટે એટલી મનભાવન રહી કે હરિજન આશ્રમ–સાબરમતીમાં રહીને સ્વામી આનંદ સાથે કામ કરતાં કરતાં, છેવટે હિંદી 'નવજીવન'નું સંપાદન સંભાળવા સુધી લઈ ગઈ. આ કાર્ય દાંડીકૂચ માટે ગાંધીજી અમદાવાદથી નીકળ્યા એ અરસા સુધી ચાલુ રહ્યું. આ સમયગાળા સુધીનાં ગાંધીજી અને આશ્રમ સાથેનાં સંસ્મરણો *બાપુના આશ્રમમાં* પુસ્તકનાં ૧૦૪ પાનાંમાં પ્રેરક, સૂચક અને રોચક શૈલીમાં આલેખાયાં છે. નવજીવને સૌ પ્રથમ ૧૯૬૨માં પ્રકાશિત થયેલા આ પુસ્તકનું પુનર્મુદ્રણ કરીને એક સરસ કામ કર્યું છે. આ પુસ્તક નાનું છે, અને ખૂબ સુંદર છે. ગાંધીજીનું માનસ, એમની જીવનદૃષ્ટિ અને કાર્યપદ્ધતિ સમજવાની સીડી સમાન છે. ગાંધીવિચારની પૂંજી આ પુસ્તકમાંથી મળે છે. લોકસેવાનાં કામ કરનારા તેમ જ સારી રીતે જીવન જીવવા ઇચ્છતા સૌકોઈએ વાંચવા જેવું છે.

[જૂન-જુલાઈ ૨૦૧૪માં અમૃત મોદી લિખિત પરિચયમાંથી સંપાદિત]

[ફોર કલર ટાઇટલ, પેપરબૅક બાઇન્ડિંગ, સાઇઝ 4.5×7, પાનાં 104, ₹ 60]

*આઝાદી અને ભાગલાના ઇતિહાસને સમજવાની દૃષ્ટિ ખીલવનારુ પુસ્તક:*
## મધરાતે આઝાદી યાને ગાંધીજીની હત્યાની કહાણી




ફ્રાન્સના બે લેખકો લેરી કોલિન્સ અને ડોમિનિક લાપિયેરના અંગ્રેજી પુસ્તક *Freedom at Midnight* (૧૯૭૫)નો ગોપાળદાસ પટેલે કરેલો આ સંક્ષિપ્ત અનુવાદ છે. આ પુસ્તક માઉન્ટબૅટનની ભારતના ગવર્નરજનરલ તરીકે વરણીથી લઈને ગાંધીજીના અંતિમ 'હે રામ!'નો વિગતે પરિચય કરાવે છે


કૃતિના મૂળ લેખકોને આપણા દેશ વિશે કોઈ જ અનુભવ ન હતો ત્યારે, તેમણે ભારે જહેમત કરી અનેક મુલાકાતો, પાર વિનાના મૂળ દસ્તાવેજો અને હિંદુસ્તાનના ભાગલાના સંદર્ભમાં તેમને હાથવગાં બનેલાં સાહિત્ય પર શ્રમ કરી આ પુસ્તક તૈયાર કર્યું છે. ૧૨ પ્રકરણોને આવરી લેતું ૧૧૯ પાનાંનું આ પુસ્તક પૂરેપૂરું સમજીને સંક્ષિપ્તમાં રજૂ કરવાનું એથીય ભગીરથ કામ ગોપાળદાસભાઈએ કર્યું છે. પુસ્તકને આવકાર આપતા વાસુદેવ મહેતા સાથે સંમત થવું પડશે:

'…શ્રી ગોપાળદાસ પટેલે સંક્ષેપ એવી કુશળતાથી કર્યો છે કે, અસલ પુસ્તક વાંચી જવાની પ્રેરણા મળે અને એમ ન બની શકે તો અસલ વાંચ્યું હોય એનો ઓડકાર આવે.'

[સિદ્ધાર્થ નરહરિ ભટ્ટ લિખિત દીર્ઘ પરિચય (મે-જૂન ૨૦૧૫)માંથી સંપાદિત]

[ફોર કલર ટાઇટલ, પેપરબૅક બાઇન્ડિંગ, સાઇઝ: 5.5 × 8.5, પાનાં 120, ₹100]

*ગાંધીવિચારનો મધુકોષ:* ગાંધીજીનો સંસ્કારવારસો




ગાંધીવિચારના મહાપ્રવાહનું દોહન કરીને એને અનેકવિધ રૂપે આકારબદ્ધ કરવાના પ્રયાસો તો અનેક થયા છે; થતા રહ્યા છે, થતા રહેશે. એમાં પી. પ્રકાશ વેગડે અપાર નિષ્ઠાપૂર્વક તૈયાર થયેલો ગ્રંથ *ગાંધીજીનો સંસ્કારવારસો* એક નોખી ભાત પાડનારોને અનોખો ગ્રંથ બની રહે છે.


પુસ્તકના પ્રકાશકીય નિવેદનમાં કહેવાયું છે તેમ: 'ધર્મ અને અધ્યાત્મ, રાજકારણ અને અર્થકારણ, વ્યક્તિ અને સમાજ… એમ અનેક વિષયોને સ્પર્શતા આ પુસ્તકમાં ગાંધીજીના વિચારોમાં ચાલતું રહેતું અવિરત આત્મનિરીક્ષણ અનુભવાય છે.'

ગાંધીજીનો અક્ષરદેહના ૮૧ ભાગ; મહાદેવભાઈની ડાયરીના ૨૩ ભાગ… અને એમ ગુજરાતી, અંગ્રેજી ભાષાના ગાંધીજીના અને ગાંધીવિષયક અનેક ગ્રંથો; ગાંધીજીના પત્રો, મુલાકાતો, ભાષણો, અખબારી લેખોનો અભ્યાસ કરીને હજારો પૃષ્ઠોમાંથી તારવી-સારવી, અકારાદિ ક્રમે એને ગોઠવી, એના સંદર્ભોની સુરેખ માહિતી આપી મધમાખી અસંખ્ય પુષ્પો ચૂસીને જેમ મધ એકત્ર કરે તેમ સંપાદકે આ મધુકોષ તૈયાર કર્યો છે.

[રમણીક સોમેશ્વર લિખિત દીર્ઘ પરિચય(ઑક્ટો.–ડિસે. ૨૦૧૩)માંથી સંપાદિત]

[પાકું પૂઠું, સાઇઝ 5.5× 8.5, પાનાં 752 (743+9), ₹ 450]

*વ્યક્તિત્વવિકાસ અને સાંસ્કૃતિક સૌહાર્દ તરફ દોરી જતું પુસ્તક:* પ્રાસંગિક પ્રતિસાદ




જન્મે મહારાષ્ટ્રીયન પણ કર્મે સવાયા ગુજરાતી કાકાસાહેબ કાલેલકરે ફેબ્રુઆરી, ૧૯૬૮થી ડિસેમ્બર, ૧૯૬૮(૨૨૭ દિવસ) સુધી લખેલી ચિંતન-કણિકાઓ *પ્રાસંગિક પ્રતિસાદ* નામે પ્રસિદ્ધ થઈ છે. જેમ અંગ્રેજી શબ્દ 'ડે'–Day ઉપરથી ડાયરી શબ્દ ઊતરી આવ્યો એમ કાકાસાહેબે 'વાસર'–દિવસ પરથી 'વાસરી' શબ્દ રચ્યો છે. કાકાસાહેબની આ જુદી જ તરાહની, આશરે ૨૪૦ પાનાંની વાસરી વાચકને કાકાસાહેબની ગુજરાતી ભાષા સમૃદ્ધિ અને એમના જે તે વિષય પરત્વે આગવા અભિગમનો ખ્યાલ આપવામાં સક્ષમ છે. અધધધ વિષય વૈવિધ્ય ધરાવતી આ અનોખી ડાયરીમાં ક્યાંક ભુલકણાપણું ટાળવાનો સચોટ ઇલાજ છે તો નાનપણની અને મોટપણની સ્મૃતિનો ફરક પણ દેખાડ્યો છે. 'વિકાસનો ક્રમ' જેવા વિષયથી શરૂ કરી આ પુસ્તક વાચકને કોઈ જુદી જ દુનિયામાં સફરનાં મંડાણ કરાવે છે. એ સમયે દેશમાં પ્રવર્તતા જાતિભેદ, લિંગભેદ, વંશભેદ જેવાં સામાજિક દૂષણો માટેની કાકાસાહેબની ચિંતા વાચકને પણ અનુભવાય છે. સમાજને મુખ્યત્વે સ્પર્શતા સંવેદનશીલ મુદ્દાઓ, સંસ્કૃતિ-વિકાસને પોતાના આંતરિક વિકાસ સાથે સાંકળીને તાલ મેળવવાનું પાયાનું શિક્ષણ આ પુસ્તકમાંથી મળી રહેવાનું એમાં બેમત નથી.


'પરિશિષ્ટ'માં બાહ્ય સૌંદર્યની સાથોસાથ આંતરિક સૌંદર્ય અને વિકાસને મહત્ત્વ આપ્યું છે તો ઇતિહાસને પણ નજરઅંદાજ નથી કરાયો. પરિશિષ્ટમાં સમાવાયેલી 'સ્વાક્ષરી'(Autograph) પણ વાંચવી ગમે એવી છે.

[જુલાઈ ૨૦૧૫માં શિલ્પા ભટ્ટ-દેસાઈ લિખિત પરિચયમાંથી સંપાદિત]

[ફોર કલર ટાઇટલ, પેપરબૅક બાઇન્ડિંગ, સાઇઝ: 5.5×8.5, પાનાં 14+226, ₹200]

*સરદારના વ્યક્તિત્વનાં સઘળા પાસાંનો પરિચય કરાવતું પુસ્તક:* સરદાર વલ્લભભાઈનાં ભાષણો

• **સંપાદક: નરહરિ દ્વારકાદાસ પરીખ, ઉત્તમચંદ દીપચંદ શાહ**




જેમ ગાંધીજીના પરિચય માટે તેમનાં લખાણો છે, તેમ સરદારના પરિચય માટે તેમનાં ભાષણો છે. સરદારના જીવનનાં બધાં જ પાસાં તેમનાં ભાષણોમાં ડોકાયા વિના રહેતાં નથી. તેમાંથી ભારતીય પ્રજાએ શૌર્ય અને સ્વાવલંબનના રસ પીધા છે. તેમના ચારિત્ર્યનાં લક્ષણો તેમની તળપદી શૈલીમાં જોવા મળે છે. સરદાર મોટા ભાષાશાસ્ત્રી કે સાહિત્યકાર ન હતા, છતાં તેમનાં પ્રવચનો હૃદય સોંસરાં ઝતરી જાય તેવાં સરળ અને સામર્થ્યપૂર્ણ હતા. સરદારનાં પ્રવચનોમાં ગાંધીવિચારની નિર્ભેળ સુગંધ જોવા મળે છે. વ્યંગ અને વિનોદ પણ જોવા મળે છે. ગાંધીના વિચારો ને આદર્શોને વ્યવહારુ સ્વરૂપ આપવાનું કાર્ય સરદારે કર્યું છે. લોકોને ન ગમે તેવી સાચી વાત કડવી રીતે કહીને પણ લોકસમ્રાટ કે હૃદયસમ્રાટ બની શકાય છે તેનો પુરાવો સરદારનાં ભાષણો છે.


૧૮ એપ્રિલ, ૧૯૧૮થી ૧૯૪૭ની ૧૧મી ઑગસ્ટ સુધીનાં સરદારનાં ભાષણોનું આ પુસ્તક નવજીવને પુનઃમુદ્રણ કરીને યુવાપેઢીને સરદારને સાચા સ્વરૂપમાં સમજવાનું ભાથું પૂરું પાડ્યું છે.

[ઑક્ટો.-ડિસે.૨૦૧૩માં મણિલાલ એમ. પટેલ લિખિત દીર્ઘ પરિચયમાંથી સંપાદિત]

[ફોર કલર ટાઇટલ, સાઇઝ 6.5×9.5, પેપરબૅક બાઇન્ડિંગ, પાનાં 495, ₹ 400]

*પરમાર્થ સાથેનો પ્રવાસ અને તેનું પ્રકૃતિમાં ઝબોળેલું વર્ણન:* પૂર્વરંગ-હિમરંગ

**• લે. ડૉ. પ્રતિભા આઠવલે, અનુવાદ: ડૉ. અલકા પ્રધાન**



વ્યવસાયે ડૉક્ટર અને સ્વભાવે સાહસિક પ્રવાસી પ્રતિભા આઠવલેએ મરાઠીમાં લખેલા પુસ્તક *પૂર્વરંગ-હિમરંગ*માં, પોતે છેલ્લાં બારતેર વર્ષમાં ઉત્તર-પૂર્વ અને હિમાલયમાં કરેલા પ્રવાસોનું વર્ણન ટાંક્યું છે. મહારાષ્ટ્રમાં તેને બે પુરસ્કારો પણ મળ્યા છે. ડૉ. અલકા પ્રધાને તેનો ગુજરાતીમાં અનુવાદ કર્યો છે. આસામ, અરુણાચલપ્રદેશ, મેઘાલય વગેરે વરસાદી રાજ્યો છે. અહીંની ભૂપૃષ્ઠ પહાડી છે, જગતનાં કઠોરતમ જંગલો અહીં છે અને વાતાવરણ પણ ગમે ત્યારે ભીષણ સ્વરૂપ ધારણ કરી લેતું હોય છે. એ સંજોગોમાં અહીં કોઈ વ્યક્તિ એક સ્થળેથી બીજા સ્થળે મુસાફરી કરે તોપણ એ આપોઆપ પ્રવાસ બની જતો હોય છે. આઠવલેએ અહીં તેર વર્ષ સુધી કૅમ્પ કર્યા છે. તેના અનુભવરૂપે લખેલાં આ પ્રકરણોમાંની કેટલીક જાણકારી તો ભલભલા જાણકારોને પણ અચંબિત કરે એવી છે.

નોર્થ ઈસ્ટ કહેવાતાં ઉત્તર-પૂર્વનાં આ રાજ્યો ભારતનો જ ભાગ હોવા છતાં પછાતપણું ઠેર ઠેર નજરે પડે છે. એક રીતે, હિમાલય કહેવા પૂરતી તો ઠંડક આપે છે, પરંતુ અહીંના રહેવાસીઓના જીવનમાં અનેક હાડમારીઓનો ઉકળાટ વ્યાપેલો છે, એવો અહેસાસ આ પુસ્તક વાંચતાં થાય છે. પુસ્તકમાં આપેલા કલર ફોટોગ્રાફ્સ વાચનનો આનંદ વધારે છે. ઉત્તર-પૂર્વ અને હિમાલય તરફ ડગ માંડતાં પહેલાં દરેક સફરીએ આ પુસ્તકનાં પાનાં ઉથલાવવાં જેવાં છે.


[મે ૨૦૧૪માં લલિત ખંભાયતા લિખિત પરિચયમાંથી સંપાદિત]

[ફોર કલર ટાઇટલ, પેપરબૅક બાઇન્ડિંગ, સાઇઝ 5.5×8.5, પાનાં 316+16 કિંમત ₹ 425]

❒

## વીસરાતી વિરાસત

*~ જેમ્સ હિલ્ટન,*
*અનુ. ચિન્મય જાની*




જેમ્સ હિલ્ટનની વિખ્યાત નવલકથા લૉસ્ટ હૉરાઇઝનની પાર્શ્વભૂમિ ‘શાંગ્રીલા’ સર્વત્ર આધ્યાત્મિક આનંદના પ્રતીક તરીકે જાણીતી થઈ છે. આ કથાનો પ્રકાર પ્રવાસકથા અને રોમાન્સનો છે, પણ ગૌતમ—બુદ્ધના સુવર્ણમધ્યનું તત્ત્વજ્ઞાન—દર્શન એમાં સર્વત્ર વ્યાપેલું છે. વાચકમિત્રોને આ વાર્તા રુચશે અને સદાને માટે યાદ રહી જશે.

p. 192 | 5" x 9.25" | Paperback | Rs. 200

## પંખીઓની ભાઈબંધી

*~ લાલસિંહ રાઓલ*



જાણીતા પક્ષીવિદ લાલસિંહભાઈએ આ પુસ્તકમાં ગુજરાતમાં જોવા મળતાં પંખીઓની વિવિધ દૈનિક પ્રવૃત્તિઓના નિરીક્ષણ દ્વારા તેમના જીવનનાં જુદાં જુદાં પાસાંઓની જાણકારી પ્રત્યેક પક્ષીપ્રેમી સમજી શકે એવી સરળ ભાષામાં આપી છે. આર્ટ-પેપર ઉપર પક્ષીઓની ૪૫ જેટલી અદ્ભુત રંગીન તસવીરો ધરાવતો આ ગ્રંથ એક અમૂલ્ય ભેટ છે.

p. 152 | 5.5" x 8.5" | Paperback | Rs. 300

# ગાંધીજીની દિનવારી : ૧૦૦ વર્ષ પહેલાં

**ચંદુલાલ ભગુભાઈ દલાલ**

***'આજે જરૂર છે રાષ્ટ્રીય પ્રશ્નોનો સામાન્ય માનવીની દૃષ્ટિએ વિચાર કરવાની. એમ કરવાથી આપ આપના અગાઉના વિરોધીઓના દોષો અને ખામીઓ દરગુજર કરી શકશો તથા તેમની અને તમારી વચ્ચે કઈ બાબતોમાં સહમતી અને સુમેળ છે તે શોધવા સદાય પ્રયત્ન કરશો.' વિગતની રીતે લગભગ રિક્ત જણાતા આ મહિનામાં જે વિચારને પૂરાં ૧૦૦ વર્ષ પછીય જોવા-સ્વીકારવાની અનિવાર્યતા આપણને જણાય છે તે વિચાર મહિને વ્યક્ત થયો હતો. બેલગામમાં મળેલી મુંબઈ પ્રાંતિક પરિષદમાં ઇન્ડિયન નેશનલ કાગ્રેસમાં એકતા લાવવાના હેતુથી ગાંધીભાઈએ આ વિચાર મૂક્યો હતો, તેમાં 'દેશની સેવા કરવાની અભિલાષા' જ ગાંધીભાઈમાં મુખ્ય હોવાનું કારણ ખુદ તેઓ જણાવે છે.***

મે, ૧૯૧૬

૧ બેળગાંવ[૧] : પરિષદ (ચાલુ)માં બોલ્યા.
૨થી ૩ રસ્તામાં.
૪થી ૧૨ (અમદાવાદ).
૧૩ અમદાવાદ.
૧૪થી ૨૦ (અમદાવાદ).
૨૧ અમદાવાદ.
૨૨ [અમદાવાદ].
૨૩ અમદાવાદ.
૨૪થી ૩૧ (અમદાવાદ).

૧. બેળગાંવના વસવાટ દરમિયાન ટિળક સાથે ખાનગી મુલાકાત થઈ.

❐

---


## નવજીવનના સેવકોને જન્મદિનની શુભેચ્છા

**એપ્રિલ, ૨૦૧૬**

નવજીવનના સેવકો વગર નવજીવનની વિકાસવાર્તા અધૂરી છે. તેમની નિષ્ઠા અને મહેનતને કારણે જ નવજીવન નવ દાયકા ઉપરાંતથી પોતાનો ધર્મ બજાવી રહ્યું છે.

**શ્રી ભીખાજી ઠાકોર,** ઑફસેટ વિભાગ, • જ. તા. ૦૨-૦૫-૧૯૫૫
**શ્રી ભરતભાઈ ભો. પટેલ,** પ્રકાશન વિભાગ, • ૦૭-૦૫-૫૫
**શ્રી હિંમતલાલ ન. ભાવસાર,** બાઇન્ડિંગ વિભાગ, • ૧૧-૦૫-૬૨
**શ્રી મયૂરભાઈ જ. શાહ,** ફોટોકંપોઝ વિભાગ, • ૨૩-૦૫-૬૧
**શ્રી સુનિલભાઈ ર. પટેલ,** સ્ટોર વિભાગ, • ૦૧-૦૬-૬૧
**સુશ્રી ભાણીબહેન લ. રાઠોડ,** એસ્ટેટ વિભાગ, • ૦૧-૦૬-૫૬
**શ્રી મણિલાલ મ. સોલંકી,** એસ્ટેટ વિભાગ, • ૦૧-૦૬-૬૮
**શ્રી વસંતભાઈ સુ. રાણા,** બાઇન્ડિંગ વિભાગ, • ૦૪-૦૬-૬૧
**શ્રી વિનોદભાઈ ર. ભાવસાર,** ઑફસેટ વિભાગ, • ૧૫-૦૬-૬૧
**શ્રી બાબુભાઈ બ. ચૌહાણ,** એસ્ટેટ વિભાગ, • ૨૦-૦૬-૬૮
**શ્રી ઘનશ્યામભાઈ કાં. દવે,** ઑફસેટ વિભાગ, • ૨૫-૦૬-૬૦

### નિવૃત્તિનોંધ



શ્રી નટવરલાલ ન. વાળંદ નવજીવનમાં ૪૩ વર્ષ સેવા આપીને તા. ૧૮-૦૫-૧૬ના રોજ વયનિવૃત્ત થયા છે. તબક્કાવાર હેન્ડ કમ્પોઝ, સ્ક્રિન પ્રિન્ટિંગ અને આખરમાં બાઇન્ડિંગ વિભાગમાં ફોલ્ડિંગ મશીનમેન તરીકેની કામગીરી સાથે તેઓ સંકળાયેલા હતા. નવજીવન મ્યુઝિયમ બનાવવાની કામગીરી (વર્ષ ૨૦૧૪–૧૫) ચાલતી હતી ત્યારે જૂના લેટરપ્રેસ મશીન પર પહેલા અંકનું હેન્ડ કમ્પોઝ ડિસ્પ્લે કરવાની જરૂર જણાઈ. હેન્ડ કમ્પોઝના એકમાત્ર જાણકાર હોવાના નાતે તેમણે એ પડકારભર્યું કામ સરળતાથી પાર પાડી આપ્યું હતું. નવજીવન પરિવાર વતી તેમને સ્વસ્થ અને દીર્ઘાયુ જીવન માટે ખૂબ ખૂબ શુભેચ્છા.




# નવજીવન

*નવરૂપ... નવસંસ્કરણ... નવપ્રવેશ...*


બાળકથી લઈને વૃદ્ધ
ઉપવાસીથી લઈને આહારી
વટેમાર્ગુથી લઈને વિશિષ્ટ સ્થળના મુલાકાતી
અને
ગાંધીજીમાં રસ ધરાવનાર સૌ દેશવાસી-વિદેશનિવાસીને
આમંત્રે છે... નવજીવન

મંગળવારથી રવિવાર, બપોરના ૧૨:૦૧થી રાત્રિના ૯:૦૦

- દેશભરના કલાકારોને પોતાની કલાકૃતિના પ્રદર્શન માટે વિશાળ સ્પેસ અને આદર્શ પ્રકાશવ્યવસ્થા પૂરું પાડતું પ્લૅટફૉર્મ એટલે ***સત્ય આર્ટ ગૅલેરી***
- યુવાનોને ગાંધીવિચાર સાથે જોડતું એસ્થેટિક સ્થાન એટલે ***કર્મ કાફે***
- ગાંધીજી અંગે વાંચવા-વિચારવા-ચર્ચવા ને ગાંધીસાહિત્ય ખરીદવા માટેનો મુક્ત માહોલ એટલે ***કર્મ કાફે***
- લેખકો, કવિઓ, સાહિત્યકારો, કર્મશીલોને કળા, સાહિત્ય, સાંપ્રત મુદ્દે ચર્ચાવિચારણા કરવા માટેનું મોકળું મેદાન એટલે ***કર્મ કાફે***
- મિત્રમિલન હોય કે પારિવારિક-સામાજિક મેળાવડો, ખુલ્લા આકાશ હેઠળ શનિ-રવિ સાત્ત્વિક ભોજનનો આનંદ આપતી ગાંધીથાળી જમવાનું ઠેકાણું એટલે ***કર્મ કાફે***
- નવજીવનની વિકાસવાર્તાની મહત્ત્વની તારીખ અને તવારીખ રજૂ કરતું માણવાલાયક સ્થળ એટલે ***નવજીવન મ્યુઝિયમ***



મ્યુઝિયમમાં નવજીવનની મહત્ત્વપૂર્ણ ઘટનાની તારીખ અને તવારીખ



નવજીવન અને યંગ ઇન્ડિયા આ મશીન પર છપાતાં.
















My heart-felt admiration
and congratulations for
creating such a precious
complex for photography
and photographer with
great collection of beloved
Bapu's images
God bless

19/3/15 Raghu Rai



## ‘નવજીવનનો અક્ષરદેહ'ના ચાહકો—વાચકો—ગ્રાહકોને...

‘નવજીવનનો અક્ષરદેહ’નું લવાજમ હવેથી કોઈ પણ મહિને ભરી શકાય છે. આ માટે,

- નવજીવન ટ્રસ્ટ/Navajivan Trustના નામે મનીઑર્ડર અથવા ચેક મોકલાવી શકાય છે.
- રૂબરૂ લવાજમ ભરી શકાય છે.
- નવજીવનના બૅંક એકાઉન્ટમાં પણ નિર્ધારિત રકમનો ચેક અથવા રકમ જમા કરાવી શકાય છે. તેની વિગત આ પ્રમાણે છે:

નવજીવન ટ્રસ્ટ/Navajivan Trust

બૅંક: **સ્ટેટ બૅંક ઑફ ઇન્ડિયા** ● બ્રાન્ચ: આશ્રમ રોડ

કરન્ટ એકાઉન્ટ ● એકાઉન્ટ નંબર: 10295506832 ● બ્રાન્ચ કોડ: 2628


આઈએફએસ કોડ: SBIN 0002628 ● એમઆઈસીઆર કોડ: 380002006

સરનામું: એસ. બી. આઈ., આશ્રમ રોડ શાખા, ગૂજરાત વિદ્યાપીઠ કૅમ્પસ,

પોસ્ટ નવજીવન, અમદાવાદ–380 014, ગુજરાત રાજ્ય, ભારત

***વિશેષ નોંધ:*** *બૅંક એકાઉન્ટમાં લવાજમની રકમ જમા કરાવ્યા પછી 079 27540635 (ઍક્સ્ટેન્શન 218 અથવા 224) નંબર પર ફોન કરીને જાણ કરશો. આ ઉપરાંત જેમના નામે લવાજમ અથવા ભેટરૂપે આ સામયિક મેળવવા-મોકલવા ઇચ્છો છો, તેમની સંપૂર્ણ વિગત રકમ ભર્યાની સ્લિપ સાથે નવજીવન ટ્રસ્ટના સરનામા પર મોકલી આપવા નમ્ર વિનંતી. જેથી કરીને શક્ય એટલું વહેલા અંક તેમના સરનામે પહોંચી શકે.*

**લવાજમની મુદત પૂરી થવા અંગે:** સરનામામાં નામ પાસેના કૌંસની વિગત, દા. ત., (3–16)એ લવાજમ પૂરું થયાના માસ અને વર્ષ દર્શાવે છે. જેમાં 3 એ માર્ચ મહિનો અને 16 એ 2016નું વર્ષ સૂચવે છે. આ રીતે જેમનું લવાજમ જે મહિને-વર્ષે પૂરું થતું હોય ત્યાં સુધીમાં લવાજમ ભરવું ઇચ્છનીય છે. ‘નવજીવનનો અક્ષરદેહ’ની ભેટ નકલ મેળવતા ચાહકો-વાચકો પણ લવાજમ ભરીને તેના ગ્રાહકો બની શકે છે.



*સ્વરાજ વિશેષાંક*
*છૂટક કિંમત ₹ 25*



*રજત અંક*
*છૂટક કિંમત ₹ 25*



*પુસ્તકપરિચય વિશેષાંક*
*છૂટક કિંમત ₹ 40*

ઉતારી પાડવાનો નથી, પણ અમે એટલું કહેવા માગીએ છીએ કે કંઈક શારીરિક પ્રવૃત્તિ એ શિક્ષણક્રમનું એક અંગ હોવું જોઇએ કેમકે અમારી ખાતરી છે કે આ ઉમરના બાળકોને માટે ‘ક્રિયા’ એ જ ‘શિક્ષણ’ નો આરંભ છે.”

[ અપૂર્ણ

( ‘હરિજન’માંથી ) **મહાદેવ હરિભાઈ દેશાઈ**



# ગામડાંની કેળવણી

## ૨

હવે ‘હાઈસ્કૂલના શિક્ષણ’ વિષે આ રિપોર્ટના લેખકો મિ. ઍબટ અને મિ. વૂડે જે થોડાક શબ્દો કહ્યા છે તે અહીં ઉતારું છું.

“કેળવણીની પુનર્ઘટનામાં કેવળ નામનો ફેરફાર ન કરવો હોય ને એથી કંઈ વધારે કરવું હોય તો અત્યારની હાઈસ્કૂલોમાં રહેલી ભાવના તેમજ શિક્ષણપદ્ધતિ બંનેમાં સુધારો કરવો જ પડશે. સત્તરેક વરસની ઉંમરના છોકરાઓને દુનિયામાં ઝંપલાવવાને તૈયાર કરવા માટેની નિશાળો કેવળ યુનિવર્સિટીનાં પ્રવેશદ્વાર કરતાં કંઇક વધારે હોય એવી એની રચના થવી જોઈએ......હાઈસ્કૂલોએ એમને એમનાં પોતાનાં કામકાજ સમૂહમાં મળીને ચલાવવાનો અનુભવ આપવો જોઈએ, અને એ રીતે એમનામાં સામાજિક જવાબદારીનું ભાન ખીલવવું જોઈએ. દરેક છોકરો પોતાના વ્યક્તિત્વની કંઇક ચોકસ છાપ પડે એવું કામ કરતો થાય ને એ રીતે પોતાના સમોવડિયાથી યોગ્ય અંશે સ્વતંત્ર થવાને ટેવાય એવી એને તક આપવી જોઈએ......નિશાળમાં ઠીકઠીક મોટા ગ્રંથસંગ્રહવાળું પુસ્તકાલય અને શારીરિક કામ અને કળા જેવી સર્જનાત્મક પ્રવૃત્તિઓને માટે ઓરડા હોવા જોઈએ.”

કેળવણીનું વાહન અંગ્રેજી ભાષા છે તેને વિષે રિપોર્ટમાં બહુ સ્પષ્ટતાથી ભાર દઇને કહેલું છે:

“હાઇસ્કૂલોનો અમારો અનુભવ ટૂંકો છે, છતાં એ પરથી અમને લાગે છે કે એમાંની ઘણી કંઇ પ્રભાવ પાડી નથી શકતી એનું મૂળ કારણ એ છે કે એમાં અંગ્રેજી ભાષા મારફતે શિક્ષણ અપાય છે. હાઇસ્કૂલોના છોકરા એકંદરે ચાલાક અને શીખવેલું ઝીલી શકે એવા હોય છે, પણ આ જે ભાષાનું સાધન એમની અને સ્વયંસ્ફૂર્તિની વચ્ચે આવે છે તે સાધન દ્વારા એમને કામ લેવું પડતું હોવાથી તેઓ ડગલે ડગલે અચકાય છે. નિશાળના છોકરાઓને વિદેશી ભાષા મારફતે શીખવું પડે એના ગેરલાભ ઘણા છે. એમાંનો એક ગેરલાભ એ છે કે જેઓ અભ્યાસક્રમ નક્કી કરે છે અને પરીક્ષાનાં પ્રશ્નપત્રો ઘડે છે ને તપાસે છે તેમને અમુક ચીલામાં જ ચાલવું પડે છે, અને શિક્ષક તેમજ વિદ્યાર્થી બંનેને પાઠ્યપુસ્તકો પર અણઘટતો આધાર રાખવો પડે છે, એટલું જ નહીં પણ છોકરાઓને એમાંથી આખા ફકરાના ફકરા ગોખી કાઢવાનું મન થઇ જાય છે.”

નિશાળોમાં શારીરિક કામ કરાવવા વિષે લેખકો કહે છે:

“એ સંભવિત લાગે છે કે છોકરાઓમાં શારીરિક કામ કરવાનો જે અણગમો હોય છે તેનું કારણ કેટલેક અંશે એ નથી હોતું કે રૂઢિ એ પ્રકારની હોય છે, પણ એ હોય છે કે હજુ હમણાં હમણાં સુધી છોકરાઓને નિશાળના ભણતરની શરૂઆતથી શારીરિક પ્રવૃત્તિઓમાંથી જે તૃપ્તિ મળે છે તેનાથી વંચિત રાખવામાં આવેલા છે, ને એમની એ ભૂખ કદી સંતોષવામાં આવી નથી......શારીરિક કામને અભ્યાસક્રમમાં સ્થાન મળવું જોઈએ તેનું કારણ એ નથી કે બધા કે થોડાક છોકરા શારીરિક મહેનત કરીને એમાંથી આજીવિકા મેળવશે; એનું કારણ તો એ છે કે કંઇક નવું બનાવવાની કે સરજાવવાની જે સ્વાભાવિક અભિલાષા બાળકમાં રહેલી છે તેની તૃપ્તિ એના સમતોલ વિકાસને સારુ આવશ્યક છે. ઘણીવાર તો એ છોકરાના સ્વભાવની સ્વસ્થતાની ચાવી હોય છે. દરેક છોકરો શારીરિક કામમાંથી આનંદ મેળવી શકે છે કે એમાં હોશિયાર હોય છે એવું નથી; પણ એ વસ્તુ તો ગણિત અને ભાષા જેવા બીજા ‘વિષયો’ને પણ લાગુ પડે છે, છતાં એ વિષયો તો અભ્યાસક્રમમાં હોવા જ જોઈએ એમ માની લેવામાં આવે છે. શારીરિક કામ કે રચનાત્મક કામની યોજના કરવામાં આવે ત્યારે તેમજ એનો અમલ થાય ત્યારે બંને વખતે એમાંથી છોકરાને કેળવણી મળે છે. બીજાં કારણસર પણ એ કીમતી છે. એમાંથી વિદ્યાર્થીના મનમાં એવા પણ રસ પેદા થાય જે એને ફુરસદને વખતે બહુ કામ આપે. અને ‘બેકારી’ને નામે ઓળખાતો ફુરસદનો અસહ્ય સમય ગૌરવપૂર્વક પસાર કરવાની શક્તિ આપવામાં કેળવણી કેવો અગત્યનો ભાગ ભજવે છે એ વિષે જેટલું કહીએ એટલું ઓછું છે. વળી જે છોકરાઓ સાધારણ નિશાળમાંથી ધંધાની નિશાળમાં જવાના હોય તેમને શારીરિક કામથી જે તાલીમ મળે છે તે અમૂલ્ય છે. આ ગણતરી પણ ભારે છે ને તપાસ કરતાં બહુ અગત્યની જણાઈ છે.”

‘શારીરિક કામ’ એટલે શું અને એમાં શાનો શાનો સમાવેશ થાય એ પણ આ લેખકોએ બહુ સ્પષ્ટતાથી કહ્યું છે:

“શારીરિક કામનો અર્થ અમે માત્ર સુતારી કે વણાટ કે જેને કંઈક ચોકસ નામ આપી શકાય એવી બીજી કંઇ પ્રવૃત્તિ એવો નથી કરતા. જે કોઈ પ્રવૃત્તિમાં છોકરાની હોશિયારી, નિર્ણયશક્તિ, નિરીક્ષણવૃત્તિ, અને ગણતરી કરવાની શક્તિની જરૂર પડે, અને છોકરો પોતે જે હેતુ સાધવા માગતો હોય તે સાધવાના રચનાત્મક પ્રયત્નમાં આ બધી કે આમાંની કેટલીક વસ્તુની સામટી જરૂર પડે તે પ્રવૃત્તિનો અમે ‘શારીરિક કામ’માં સમાવેશ કરીએ છીએ. એમાં છોકરાનો હેતુ પોતે રાખવા કે બીજાને આપવા માગતો હોય એવી કંઈક ચીજ બનાવવાનો હોય; અથવા તો કંઈક જડ પદાર્થમાં ગણિત, વિજ્ઞાન કે ભૂગોળના કંઇક સિદ્ધાંતો ઉતારવાનો હોય. શિક્ષણની દૃષ્ટિએ કિંમત છે તે છોકરો કઈ ચીજ કરે છે કે બનાવે છે એમાં નથી, પણ એ કરવા કે બનાવવામાં એની સમગ્ર શક્તિઓનો જે ઉપયોગ એને કરવો પડે છે એમાં છે. શિક્ષણનો ઝોક ‘શીખવા’ પરથી ‘કરવા’ તરફ વાળવામાં આવે છે ત્યારે, અગાઉ ‘ઠોઠ ને પછાત’ ગણાતા એવા ઘણા છોકરાઓએ કદી નહીં ધારેલી એવી સર્જનશક્તિ બતાવેલી છે.”

મને નથી લાગતું કે શારીરિક કામની આ વ્યાખ્યામાં ગાંધીજી પણ કંઇ સુધારો કરી શકે. અને કાંતણ ને તેને અંગેની ક્રિયાઓ આ વ્યાખ્યાને સંતોષે છે તેથી જ તેઓ એના પર આટલો બધો ભાર મૂકે છે. પણ એ પણ એટલું જ સ્પષ્ટ છે કે જો કાંતવાની ક્રિયા ઉપરની વ્યાખ્યામાં ન આવી શકે, એટલે કે તે કેવળ જડ યંત્રવત્ કરવામાં આવે તો ગાંધીજી નિશાળમાં કંતાવવાની વાત વિનાસંકોચે છોડી દે. એ ક્રિયામાં બાળકનો હેતુ પોતાને માટે કે પોતાનાં સ્વજનને માટે કપડાં બનાવવાનો હોય, કે એથી પણ ઉચ્ચતર એવો રાષ્ટ્રના વસ્ત્રોત્પાદનનો પ્રશ્ન ઉકેલવાનો હોય. અમુક હેતુને સારુ કેટલું સૂતર જોઇએ એનો હિસાબ કાઢવામાં ગણિત તો અવશ્ય આવે જ; અને જો આપણે છોકરાઓને રૂનો વિકાસ અને તેની મજબૂતી સુધારવામાં રસ લેતા કરી શકીએ તો વિજ્ઞાન અને ભૂગોળ પણ આવે.

( ‘હરિજન’માંથી ) **મહાદેવ હરિભાઈ દેસાઈ**

## પૂર્વ અને પશ્ચિમના શિક્ષણવિચારનું સંમિશ્રણ મહાદેવ દેસાઈની કલમે



# ગામડાંની કેળવણી

હિંદુસ્તાન સરકારના આમંત્રણથી ઇંગ્લંડથી મિ. ઍબટ અને મિ. વુડ નામના બે અંગ્રેજ કેળવણીકારો થોડા વખત પર હિંદુસ્તાન આવેલા ને તેમણે આ દેશમાં તપાસ કરીને 'હિંદુસ્તાનમાં ધંધાદારી શિક્ષણ' (Report on vocational Education in India) એ નામનો જે હેવાલ પુસ્તકરૂપે પ્રગટ કર્યો છે તે બહુ જ કીમતી છે. આપણા બધા શિક્ષણમંત્રીઓને તેમજ સર્વ કેળવણીકારોને મારી વિનંતી છે કે તેઓ આ નાનકડું પુસ્તક વાંચે, એનો અભ્યાસ કરે ને એને સારી પેઠે પચાવે. એમાં એક પણ નકામો શબ્દ નથી અને આપણી શિક્ષણપદ્ધતિની નવેસર રચના કરવા માટે અતિશય કીમતી અને મૌલિક સૂચનાઓ એને પાને-પાને ભરેલી છે. સંક્ષેપની કળાનો આ પુસ્તક એક અદ્ભુત નમૂનો છે એટલે હું એનો સાર આપવા નહીં બેસું. અહીંની શિક્ષણપ્રણાલિની તપાસ કરવાનો હેતુ એમના જણાવવા પ્રમાણે એ હતો કે યુનિવર્સિટીમાંથી નીકળેલા ઘણા ગ્રેજ્યુએટોને કંઈ પણ નોકરી નથી મળતી એમની કેળવણીથી જે જાતનું કામ કરવાની તાલીમ મળે છે એવું કામ નથી મળતું." આ લેખકોએ આપણી કેળવણીના વિષયોમાં ને તે શીખવવાની પદ્ધતિમાં ધરમૂળના સુધારા સૂચવ્યા છે, પણ સાથે-સાથે સ્પષ્ટ રીતે કહ્યું છે કે આ કંઈ બેકારીના પ્રશ્નનો તાત્કાલિક ઇલાજ નથી; એ ઇલાજનો આધાર તો "દેશની નૈસર્ગિક સાધનસામગ્રી, આબોહવા, અને જેના પર શિક્ષણની કશી અસર નથી થઈ શકતી એવી બીજી અનેક વસ્તુઓ પર છે, એટલું જ નહીં પણ તે ઉપરાંત બીજી અનેક આર્થિક અને રાજદ્વારી પ્રવૃત્તિઓ પર છે, પણ એ પ્રવૃત્તિઓની ચર્ચા કરવાનું અમને સોંપવામાં આવેલું નથી."

હેવાલનો મોટો ભાગ ધંધાદારી શિક્ષણની ચર્ચામાં રોકાયેલો, અને વેપાર અને કેળવણીનો સહકાર, તેમજ ધંધાદારી શિક્ષણની નિશાળોમાં ઔદ્યોગિક શિક્ષણ, વેપારી અને કારકુની શિક્ષણ વગેરે વિષે કીમતી સૂચનાઓથી ભરપૂર છે. આ લેખકોને અમુક મર્યાદાની અંદર જ તપાસ કરવાનું સોંપાયેલું હતું. નહીં તો મારી ખાતરી છે કે વેપારની અને ધંધાના શિક્ષણની વચ્ચે, અથવા તો વેપારી પેઢીઓ ને મોટી મિલો પર યોગ્ય ધંધાદારી શિક્ષણની જવાબદારી નાંખવાની જે યોજના ગાંધીજીએ સૂચવી છે તે આ લેખકોને ગમી હોત. વળી આ લેખકોની સામે 'કેળવણીનો કોયડો' નહોતો અને એમને સ્વાવલંબી કેળવણીની દૃષ્ટિએ વિચાર કરવાનો નહોતો. છતાં એમણે બાળશિક્ષણ, ગામડી મિડલ સ્કૂલનું શિક્ષણ, હાઇસ્કૂલનું શિક્ષણ, અને શરીરશ્રમ — જે ધંધાદારી શિક્ષણનો પાયો છે એમ કહી શકાય — તેને વિષે જે જાણવા જેવી વાતો કહી છે તે વાંચીને ગાંધીજીએ આ પત્રમાં એ વિષય પર જે લખ્યું છે તે યાદ આવે છે. અહીં એમાંના કેટલાક ઉતારા આપીને હું સંતોષ માનીશ.

બાળકેળવણીને વિષે આ લેખકો કહે છે: "હિંદુસ્તાનમાં જ્યાંલગી બાળવર્ગોમાં તાલીમ પામેલી શિક્ષિકાઓ કામ કરતી નહીં થાય ત્યાંલગી શિક્ષણનો પાયો જ કાચો રહેશે." પ્રાથમિક કેળવણીમાં બીજી જે વસ્તુ પર આ લેખકોએ ભાર મૂક્યો છે તે કેવળ અક્ષરજ્ઞાન પર ભાર દેવાની ભૂલ છે. લેખકો કહે છે કે પ્રાથમિક કેળવણીનો મુખ્ય હેતુ કાયમનું અક્ષરજ્ઞાન આપવાનો નહીં પણ એથી છેક ભિન્ન છે. "સુખની પેઠે અક્ષરજ્ઞાન એ એક સકુંચિત ધ્યેયની પેઠે એની આરાધના કરવાથી સાંપડતું નથી; એ તો મનને સંતુષ્ટ કરનારી પ્રવૃત્તિઓ કરતાં કરતાં સાંપડનારી એક ગૌણ વસ્તુ છે. અક્ષરજ્ઞાનનો અર્થ લખતાંવાચતાં આવડવું એટલો જ નથી, પણ વાચનલેખનનો અને કથન તથા શ્રવણનો ઉપયોગ કરવો એ છે." બાળકોને નિશાળમાં પાટી, પેન ને પેન્સિલ લઇને ગોંધી ન રાખવાં જોઇએ, પણ તેમને વાચન, લેખન ને ભાષણનું શિક્ષણ આપી તેની એક પ્રકારની કવાયત કરાવવી જોઈએ, અને "વચ્ચેવચ્ચે બાળકોની વિશાળ રસવૃત્તિને પોષે ને સંતોષે એવી પ્રવૃત્તિઓમાં એ કવાયતનો ઉપયોગ કરવાની તક અપાવી જોઈએ. એ પ્રવૃત્તિઓ આ પ્રમાણે છે. અભિનય અને સંગીત, કસરત, રમત અને નૃત્ય; કુદરતનું નિરીક્ષણ અને ફૂલોની તથા બની શકે તો પ્રાણીઓની સંભાળ; ચિત્રા-લેખન તેમજ ચીજોની બનાવટ."

'ગામડાની માધ્યમિક નિશાળ'ને વિષે લેખકો કહે છે:

"જે દેશમાં લગભગ ૯૦ ટકા વસ્તી ગામડાંમાં રહે છે ત્યાં આ નિશાળ સૌથી અગત્યની શિક્ષણસંસ્થા બનવાની શક્તિ ધરાવે છે ... અમે હિંદુસ્થાનમાં જે કેટલીક સારામાં સારી નિશાળો જોઈ છે તેમાંની કેટલીક એવી છે અંગ્રેજી શીખવવાનું છોડી દઈને શિક્ષણનો અને શાળાની પ્રવૃત્તિનો પાયો બાળકના સંજોગો અને વાતાવરણ પર તથા બાળકો જે કુદરતી અને સામાજિક સ્થિતિથી પરિચિત હોય તેના પર રચે છે ...... ૯ અને ૧૪ની વચ્ચેની ઉપરનાં બાળકોના અભ્યાસક્રમમાં એકે વસ્તુ એવી નથી જેને ગ્રામજીવનમાંથી ઉદ્ભવવા દીધી હોય તો સમૃદ્ધ ન બને. વધારે ચોકસ શબ્દોમાં કહીએ તો, શહેરની નિશાળના કરતાં ગામડાંની નિશાળ, જેના જોડે એકાદ બગીચો કે નાની વાડી જોડેલી હોય, તે બાળકને સાદું ગણિત, કુદરતનો અભ્યાસ, વિજ્ઞાન, ભૂગોળ, અને હાથકારીગરી એ વિષયનું બાળકને હોંશ ઉપજાવે એવું કામ ને શિક્ષણ મળવાની તક ઘણી વધારે આપી શકે છે. પણ આવી જાતની નિશાળ ખેતીના ધંધાનું શિક્ષણ આપે એવી અમારી કલ્પના નથી. એ વાત સાચી છે કે ઘણાંખરાં બાળકો મોટાં થયા પછી શહેરી જીવનનું આકર્ષણ હોવા છતાં, ગામડાંમાં રહેશે. અમે સાંભળ્યું તેમ જો ગામડાંની માધ્યમિક નિશાળો નીકળી જઈને તેની જગાએ ઍંગ્લો-વર્નાક્યુલર સ્કૂલો સ્થપાતી હોય તો એ સૂચવે છે કે શિક્ષણની નીતિમાં કંઈક ભારે દોષ રહેલો છે...... આજે ગામડાંની થોડીક નિશાળો 'ગ્રામોદ્ધાર'નાં કેંદ્રો, એટલે કે આરોગ્ય, સદ્વર્તન, અને ગામડાના અર્થશાસ્ત્ર વિષે સજ્ઞાન દૃષ્ટિ શીખવનારી સંસ્થાઓ છે; ગામડાંની બધી નિશાળો જો એવી બને તો તેથી સમાજને ઘણો લાભ થાય. પણ એને સારુ વગર વિચારે કંઈક સમૂહગત નીતિ અનુસરવામાં આવે તો તે નિષ્ફળ જશે...... નિશાળને જો બાળકોને કેળવવાનું ને આખા સમાજમાં 'મીઠાશ અને જ્ઞાન' ફેલાવવાનું એ બંને કામો કરવા દેવાં હોય તો બે શરતો પળાવી જોઈએ. એક તો ગામડાંમાં શિક્ષકનો દરજ્જો સુધારવો જોઇએ; એનો અથ એ છે કે તેને વધારે સારી તાલીમ મળવી જોઈએ, વાજબી અને નિયમસર પગાર મળવો જોઈએ, અને સારું કામ કરે ત્યાં સુધી નોકરી કાયમ રહેશે એવી ખાતરી મળવી જોઇએ. બીજી શરત એ છે કે કેળવણી ખાતાં અને બીજાં ખાતાં (આરોગ્ય, સહકારી મંડળી વગેરે)ની વચ્ચે સરસ સહકાર હોવો જોઇએ......૧૦ થી ૧૪ વરસનાં બાળકો, જેઓ અંગ્રેજી ભણે છે, તેમનાં સમયપત્રકો તપાસતાં અમને જણાયું છે કે ઘણી નિશાળોમાં અઠવાડિયાના અભ્યાસના કુલ સમયોમાંના અર્ધા ઉપરાંતના ભાષાશિક્ષણમાં જાય છે. અમારા મત પ્રમાણે સામાજિક કે આર્થિક દૃષ્ટિએ ગમે તેટલો વિચાર કરીને આમ કરવામાં આવતું હોય તો પણ શિક્ષણની તકનો આવો દુરુપયોગ વાજબી ન ઠરે ... અમારો ઉદ્દેશ શિક્ષણને

[ અનુસંધાન આવરણ-૩ ]